dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 162 | AD - 2025, Fagan Vad - 04 | Tuesday, Dt.18-03-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### પ્રધાનમંત્રી મોદી અને ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન વચ્ચે દિલ્હીમાં મુલાકાત

# ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે અનેક મહત્વપૂર્ણ કરાર

**ન્યુઝીલેન્ડના પીએમ સહિત મંત્રીમંડળનું સ્વાગત કરતા મોદી**

(એચ.એસ. એલ),નવીદિલ્હી,તા.૧૭

પ્રધાનમંત્રી મોદી અને ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન દિલ્હીમાં બંને દેશો વચ્ચે થયેલા અનેક કરારોના સાક્ષી બન્યા. ન્યુઝીલેન્ડના પીએમ ક્રિસ્ટોફર લક્સન સાથે સંયુક્ત પ્રેસ સ્ટેટમેન્ટ દરમિયાન, પીએમ મોદીએ કહ્યું, 'હું પીએમ લક્સન અને તેમના મંત્રીમંડળનું ભારતમાં સ્વાગત કરું છું. પીએમ લક્સન ભારત સાથે જોડાયેલા છે. અમે જોયું કે તેમણે તાજેતરમાં હોળી કેવી રીતે ઉજવી, અમને ખુશી છે કે તેમના જેવા યુવા નેતા રાયસીના ડાયલોગ ૨૦૨૫ માં અમારા મુખ્ય મહેમાન છે.' દરમિયાન નવી દિલ્હીમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે અનેક મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ દરમિયાન બંને દેશોના પ્રધાનમંત્રીઓ હાજર રહ્યા હતા. કરાર પછી એક સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે બંને દેશોએ સંરક્ષણ ભાગીદારીને મજબૂત અને સંસ્થાકીય બનાવવાનો નિર્ણય લીધો છે. ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે સંરક્ષણ ઉદ્યોગોમાં પરસ્પર સહયોગ માટે એક બ્લુપ્રિન્ટ તૈયાર કરવામાં આવશે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું ગેરકાયદેસર સ્થળાંતરના મુદ્દાને ઉકેલવા માટે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે એક કરાર ઘડવા માટે કામ કરવામાં આવશે. ભલે તે ૨૦૧૯નો ક્રાઈસ્ટચર્ચ હુમલો હોય કે ૨૦૦૮નો મુંબઈ હુમલો, કોઈપણ સ્વરૂપમાં આતંકવાદ અસ્વીકાર્ય છે. બંને દેશોએ કહ્યું છે કે તેઓ આતંકવાદી, અલગતાવાદી અને કટ્ટરપંથી તત્વો સામેની લડાઈમાં સહયોગ ચાલુ રાખશે. પ્રધાનમંત્રી



નરેન્દ્ર મોદી અને ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન વચ્ચેની વાતચીત બાદ ભારત અને ન્યુઝીલેન્ડે સંરક્ષણ સહયોગ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ પછી વડાપ્રધાન મોદીએ મીડિયા સાથે વાત કરી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, હું પ્રધાનમંત્રી લક્સન અને તેમના પ્રતિનિધિમંડળનું ભારતમાં સ્વાગત કરું છું. પ્રધાનમંત્રી લક્સનનો ભારત સાથે લાંબો સંબંધ રહ્યો છે. આ વર્ષના રાયસીના સંવાદના મુખ્ય મહેમાન તરીકે તેમના જેવા યુવાન, ઉર્જાવાન, પ્રતિભાશાળી નેતા હોવાનો આપણા માટે આનંદ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આજે આપણે આપણા દ્વિપક્ષીય સંબંધોના વિવિધ પાસાઓ પર વિગતવાર ચર્ચા કરી. આપણે આપણી સંરક્ષણ અને સુરક્ષા ભાગીદારીને મજબૂત અને સંસ્થાકીય બનાવવાનો નિર્ણય લીધો છે. સંયુક્ત કવાયતો, તાલીમ તેમજ સંરક્ષણ ઉદ્યોગમાં પરસ્પર સહયોગ માટે એક રોડમેપ બનાવવામાં આવશે. આપણા નૌકાદળો હિંદ મહાસાગરમાં દરિયાઈ સુરક્ષા માટે સંયુક્ત ટાસ્ક ફોર્સ ૧૫૦ માં સાથે મળીને કામ કરી રહ્યા છે. અમે બંને આતંકવાદ વિરુદ્ધ એકમત છીએ. ૧૫ માર્ચ ૨૦૧૯નો ક્રાઈસ્ટચર્ચ આતંકવાદી હુમલો હોય કે ૨૬ નવેમ્બર ૨૦૦૮નો મુંબઈ હુમલો, કોઈપણ સ્વરૂપમાં આતંકવાદ અસ્વીકાર્ય છે. આતંકવાદી હુમલાના દોષિતો સામે કડક કાર્યવાહી જરૂરી છે. અમે આતંકવાદીઓ, અલગતાવાદીઓ અને કટ્ટરપંથીઓ સામે સાથે મળીને કામ કરી રહ્યા છીએ. આ સંદર્ભમાં, અમે ન્યુઝીલેન્ડમાં કેટલાક ગેરકાયદેસર તત્વો દ્વારા ભારત વિરોધી પ્રવૃત્તિઓ અંગે અમારી ચિંતા વ્યક્ત કરી છે. અમને વિશ્વાસ છે કે આ બધા ગેરકાયદેસર તત્વો સામે અમને ન્યુઝીલેન્ડ સરકારનો ટેકો મળતો રહેશે. અમે બંને એક મુક્ત, ખુલ્લા, સુરક્ષિત અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિકને સમર્થન આપીએ છીએ. અમે વિસ્તરણવાદમાં નહીં, પરંતુ વિકાસની નીતિમાં માનીએ છીએ. મુલાકાતના થોડા દિવસો પહેલા, ન્યુઝીલેન્ડના વડાપ્રધાને કહ્યું હતું કે તેઓ ભારત સાથે વ્યાપક આર્થિક ભાગીદારી માટે પ્રયત્નશીલ રહેશે અને દ્વિપક્ષીય સુરક્ષા સંબંધોને મજબૂત બનાવવાના માર્ગો શોધશે.

# મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ વિભાગે ૧૦ કિલો સોનું જપ્ત કર્યું

**કસ્ટમ વિભાગે એરપોર્ટના ત્રણ ખાનગી કર્મચારીઓની ધરપકડ કરી**

મુંબઈ,તા.૧૭

મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર કસ્ટમ વિભાગે ૧૦ કિલો સોનું જપ્ત કર્યું છે. તેની બજાર કિંમત ૮.૪૭ કરોડ રૂપિયા છે. એરપોર્ટના ત્રણ ખાનગી કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી છે. એરપોર્ટ સ્ટાફ આ સોનું પોતાના અંડરગાર્મેન્ટમાં છુપાવીને એરપોર્ટની બહાર લઈ જવા માંગતો હતો. કસ્ટમ્સ વિભાગે ૧૩ થી ૧૫ માર્ચ દરમિયાન આ જપ્તીઓ કરી હતી. આ અંગે સત્તાવાર માહિતી સોમવારે આપવામાં આવી હતી. પહેલી જપ્તીમાં, એરપોર્ટના એક ખાનગી સ્ટાફના પેન્ટના ખિસ્સામાંથી ૬ કેપ્સ્યુલ્સ મળી આવ્યા હતા. આમાં



૨.૮ કિલો ૨૪ કેરેટ સોનાનો પાવડર ભરવામાં આવ્યો હતો. તેની બજાર કિંમત ૨.૨૭ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. બીજી એક જપ્તીમાં, અધિકારીઓએ અન્ય એક અંગત સ્ટાફ પાસેથી ૨.૩૬ કરોડ રૂપિયાની કિંમતનો ૨.૯ કિલો ૨૪ કેરેટ સોનાનો પાવડર જપ્ત કર્યો. આ સોનું સાત કેપ્સ્યુલમાં રાખવામાં આવ્યું હતું. ત્રીજી જપ્તીમાં, બીજો એક કર્મચારી પકડાયો. તેના અંડરગાર્મેન્ટમાંથી ૧.૩૧ કરોડ રૂપિયાની કિંમતના ૧.૬ કિલો ૨૪ કેરેટ સોનાના પાવડરવાળા બે પાઉચ મળી આવ્યા હતા.

# હાઈવે માટે સંપાદિત કરેલી જમીન મૂળ માલિકોને પરત કરશે સરકાર, કેબિનેટમાં મંજૂરીની રાહ

ન્યુ દિલ્હી,તા.૧૭

કેન્દ્ર સરકાર નેશનલ હાઈવે ઍક્ટમાં અનેક સુધારા કરવાની તૈયારી કરી રહી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ સંદર્ભમાં પ્રસ્તાવ કેબિનેટની મંજૂરી માટે પણ મોકલી દેવામાં આવ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, સંપાદિત કરેલી જમીન મૂળ માલિકને પરત કરવી, વળતરની રકમ નક્કી કરવાની પ્રક્રિયા, અતિક્રમણ સહિક અનેક સુધારા સામેલ છે. વર્તમાન પરિસ્થિતિ અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કાયદામાં ફેરફારો કરવામાં આવી રહ્યા છે. એક અહેવાલ પ્રમાણે કેબિનેટને મંજૂરી માટે



મોકલવામાં આવેલા પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે, જો સંપાદિત જમીનનો ભાગ ૫ વર્ષ સુધી ઉપયોગમાં લેવામાં નહીં આવે, તો તે સરકાર દ્વારા માલિકોને પરત કરવામાં આવશે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, વળતરની રકમની જાહેરાતના ત્રણ મહિના બાદ હાઈવે ઑથોરિટી કે જમીન માલિક રકમ અંગે કોઈ વાંધો નહીં ઉઠાવી શકે. અહેવાલ પ્રમાણે રેલવે અને નાગરિક ઉડ્ડયન સહિત ઘણા મંત્રાલયો દ્વારા સુધારા અંગે ટિપ્પણીઓ આપવામાં આવી છે. પ્રસ્તાવ એ પણ છે કે, જમીન સંપાદન માટે એક ખાસ પોર્ટલ હશે જ્યાં નોટિસ રજૂ કરી શકાશે અને રસ્તા કિનારે સુવિધાઓ, ટોલ પ્લાઝા અને ઑફિસો માટે જમીન સંપાદન પણ કરી શકાશે.




# કુપવાડામાં આંતકીઓને ઠાર મારવા સેનાનું સર્ચ ઓપરેશન ચાલુ



કુપવાડા,તા.૧૭

જમ્મુ-કાશ્મીરના કુપવાડામાં ગુપ્તચર એજન્સીઓએ ૨-૩ આતંકવાદીઓની હાજરી હોવાની પુષ્ટિ કરી છે. ત્યારબાદ ભારતીય સેના, જમ્મુ-કાશ્મીર પોલીસ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની સંયુક્ત ટીમે આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું અને સમગ્ર વિસ્તારને ઘેરી લીધો હતો. અધિકારીએ જણાવ્યું કે ઘેરાયેલા વિસ્તારમાં ૨-૩ આતંકવાદીઓ છૂપાયા હોવાની શંકા છે. સુરક્ષા કર્મચારીઓ નજીક આવતાની સાથે જ આતંકવાદીઓએ ગોળીબાર શરૂ કરી દીધો હતો. આ કાર્યવાહી દરમિયાન એક પોલીસકર્મી ઘાયલ થયો હતો અને તેની સારવાર ચાલી રહી છે. હાલ અધિકારીઓએ વિસ્તારને સીલ કરી દીધો છે અને સફળ કામગીરી સુનિશ્ચિત કરવા માટે વધારાના દળો તૈનાત કરવામાં આવ્યા છે. ટીમે નાગરિકોને તેમની સલામતી માટે ઘરની અંદર રહેવા અને એન્કાઉન્ટર સ્થળની નજીક અવરજવર ટાળવાની સલાહ આપી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે પરિસ્થિતિ પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે. જેમ જેમ કામગીરી આગળ વધશે તેમ તેમ વધુ માહિતી આપવામાં આવશે. સુરક્ષા એજન્સીઓ કોઈપણ ઘટનાક્રમ અંગે સત્તાવાર નિવેદનો જાહેર કરશે.

**સુરક્ષા કર્મીઓ નજીક આવતા આંતકવાદીઓએ ગોળીબાર શરૂ કરી દીધો**









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૧૮-૦૩-૨૦૨૫

### ધારાસભ્ય કસવાળા, કાકડીયા સહિત સંતોની હાજરીમાં નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાના હસ્તે ખાતમુહૂર્ત, લોકાર્પણ

# સાજિયાવદર અને ચાંદગઢ ગામને રૂ. ૩૫ લાખથી વધુ વિકાસકાર્યોની ભેટ

અમરેલી,તા.૧૭

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના હસ્તે અમરેલી તાલુકાના સાજિયાવદર અને ચાંદગઢ ગામોને આશરે રૂ. ૩૫ લાખના વિકાસકાર્યોની ભેટ મળી છે. 'આત્મા ગામડાનો પણ શહેર જેવી આધુનિક સુવિધા'ના મંત્ર સાથે ધારાસભ્યનો મત વિસ્તાર વિકાસની ઊંચાઈઓ સર કરી રહ્યો છે. સાજિયાવદર ખાતે પ્રાગજીભાઈ કરસાળીયા અને ગામજનોના સહયોગથી નવનિર્માણ પામેલા પ્રવેશદ્વાર, પક્ષીઘર અને સેલ્ફી પોઈન્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગામે-ગામ સ્માર્ટ વિલેજના માળખાગત વિકાસ માટે રાજ્ય સરકારની યોજનાઓ





જનભાગીદારી દ્વારા કાર્યરત છે. જેનું દેવરાજીયા ગામ ઉદાહરણરૂપ છે. ચાંદગઢ ખાતે નવનિર્મિત ગ્રામપંચાયત ભવન અને અદ્યતન બસસ્ટેન્ડનું લોકાર્પણ થયું હતું. ઉપરાંત, પાણીના અવેડા, ગ્રામપંચાયત ભવનની ફરતે કમ્પાઉન્ડ વોલ વગેરે વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ઉનાળામાં પશુધન માટે પૂરતા પાણીની વ્યવસ્થા માટે વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. અંદાજે રૂ. ૩૫ લાખના ખર્ચે થયેલા વિકાસકાર્યોથી સાજિયાવદર અને ચાંદગઢ વધુ સુવિધાસભર બનશે. આ કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, જે.વી. કાકડિયા, શાંતીપ્રસાદ સ્વામી, જગતસ્વરૂપ સ્વામી, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, દાતા પ્રાગજીભાઈ કરસાળીયા, સરપંચ હરેશભાઈ ધાધલ અને અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ચાંદગઢમાં ગામના સરપંચ, સંગઠનના હોદેદારો અને અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## રાજુલા-જાફરાબાદ પંથકમાં ઓવરલોડ વાહનો સામે કડક કાર્યવાહી કરવા માગણી

જાફરાબાદ, તા.૧૭

રાજુલા-જાફરાબાદ તાલુકામાં ખનીજ માફિયાઓ બેફામ બન્યા છે. મહાકાય પથ્થર, કાકરી, મીઠુ સહિતના ઓવરલોડ વાહનો અવરજવર કરી રહ્યાં છે. અમરેલી જિલ્લા પત્રકાર એકતા પરિષદના ઉપપ્રમુખ પ્રતાપભાઈ વરૂએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર દ્વારા રજૂઆત કરી છે. રાજુલા-જાફરાબાદ તાલુકામાં રોડ પરથી ખુલ્લેઆમ મહાકાય પથ્થર, કાકરી, મીઠુ ભરેલા ઓવરલોડ વાહનો-ટ્રક પસાર થતાં હોય છે. ચાલકો બેફામ વાહનો ચલાવી રહ્યા છે. જેથી અવારનવાર નિર્દોષ માણસો અકસ્માતનો ભોગ બને છે. રાજુલાના હિંડોરણા ગામ નજીકથી ઓવરલોડ વાહનો પસાર થતાં હોય છે. ત્યારે જવાબદાર તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતી નથી. તંત્ર દ્વારા નાના માણસોને હેરાન કરવામાં આવતા હોય છે જ્યારે ઓવરલોડ વાહનો સામે કાર્યવાહી થતી નથી.

## અમરેલી નાગરિક સહકારી બેન્ક લી. દ્વારા સભાસદોના વારસદારોને અકસ્માત મૃત્યુ સહાય પેટે રૂા. ૧ - ૧ લાખ ચુકવાયા

અમરેલી, તા.૧૭

અમરેલી નાગરિક સહકારી બેંક લી.ના સભાસદ અકસ્માત વિમા સહાય યોજનામાં મૃત્યુ પામેલ સભાસદોના વારસદારોને બેંક તરફથી રૂા. ૧ - ૧ લાખની સહાય આપવાની યોજના અન્વયે સ્વ. જયંતિભાઈ જીવરાજભાઈ ભેસાણીયાના વારસદાર તેમના



પત્ની મંગળાબેન જયંતિભાઈ ભેસાણીયા, સ્વ. હિતેષભાઈ પોપટભાઈ અજુગીયાના વારસદાર તેમના ભાઈ હસમુખભાઈ પોપટભાઈ અજુગીયાને ચેક આપવામાં આવ્યો હતો. બેન્ક સભાસદના વારસદારને રૂા.૧ લાખનો ચેક અર્પણ બેંકના ચેરમેન જયેશભાઈ નાકરાણી, એમ.ડી. શૈલેષભાઈ સંઘાણી, બેંકના ડિરેક્ટર પી. પી. સોજીત્રા તથા બેંકના મેનેજર દિલીપભાઈ ધોરાજીયા દ્વારા કરવામાં આવ્યો હતો.

## સુરેશ પાનસુરીયાના કાર્યાલયની મુલાકાત લેતા જિલ્લા ભાજપ પ્રમુખ

અમરેલી,તા.૧૭



અમરેલી જિલ્લા ભાજપના નવનિયુક્ત અધ્યક્ષ અતુલભાઈ કાનાણીએ અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયાના સાવરકુંડલા સ્થિત જનસેવા કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી અને કાર્યકર્તાઓ સાથે સંવાદ કરી સંગઠનને વધુ મજબૂત બનાવવા માર્ગદર્શન આપ્યું હતું. આ તકે સુરેશભાઈ પાનસુરીયા અને મિત્ર મંડળ દ્વારા નવનિયુક્ત અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

## જાફરાબાદમાં રંગોનો તહેવાર ધુળેટીની હર્ષોલ્લાસભેર ઉજવણી

જાફરાબાદ, તા.૧૭



તસવીર : બાબુ વાઢેળ

જાફરાબાદ શહેરમાં કોળી સમાજ અને ખારવા સમાજ દ્વારા રંગોનો તહેવાર હોળી અને ધુળેટી શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયો હતો. બંને સમાજના આગેવાનો દ્વારા અલગ અલગ વિસ્તારમાં બે દિવસ સુધી ગેર એટલે કે કલરથી રમતા રમતા લોકો બજારમાં નીકળતા હોય છે જેમાં ઢોલ નગારા સાથે મોટી સંખ્યામાં લોકો કલરથી રમે છે. ધુળેટીની સંધ્યાએ જાફરાબાદ શહેરમાં અવનવા પોશાક પહેરીને ખારવા સમાજના આગેવાનો સાથે નીકળેલી ગેર બંદર ચોકમાં સંપન્ન કરવામાં આવી હતી.

### ૧૦૦ કલાકમાં માથાભારે ઈસમોની યાદી તૈયાર કરવા ડીજીપીના આદેશ બાદ અમરેલી જિલ્લામાં

# ગુનાહિત ઈતિહાસ ધરાવતા ૧૧૩ ઈસમોની યાદી તૈયાર કરતી પોલીસ

અમરેલી,તા.૧૭

રાજય પોલીસ વડાએ ૧૦૦ કલાકમાં અસમાજિક તત્વોની યાદી બનાવવાનો આદેશ આપ્યા બાદ અમરેલી પોલીસ સંપૂર્ણ એક્શન મોડમાં આવી ગઈ છે. શહેરમાં ગુનાખોરીને કાબૂમાં લેવા માટે એકશન પ્લાન ઘડવામાં આવ્યો છે. જેમાં અમરેલી જિલ્લા પોલીસ વડાએ જિલ્લામાં માથાભારે ઈસમોની યાદી તૈયાર થઈ હોવાનું જણાવ્યું છે. આ અંગે એલસીબી પીઆઈ વિજય કોલાદરાએ જણાવ્યું હતું કે, છેલ્લાં ત્રણ વર્ષમાં જુદા જુદા ગુનાઓમાં સંડોવાયેલા કુલ ૧૧૩ માથાભારે ઈસમોની યાદી તૈયાર કરવામાં આવી છે. જિલ્લામાં પ્રોહિબિશન, જુગારની પ્રવૃત્તિ ચાલુ હોય તેમજ શરીર સંબંધી ગુના આચરેલા હોય, મિલકત સબંધી ગુના કરેલા હોય, ખંડણી ઉઘરાણીમાં સંડોવાયેલા હોય, ખનીજચોરીના ગુના દાખલ હોય અને હાલમાં પ્રવૃત્તિ ચાલુ હોય તેમજ અન્ય કોઈ પ્રવૃત્તિ જેમાં લોકોને ભયની લાગણી અનુભવાતી હોય તેવા ગુનેગારોની યાદી તૈયાર કરવામાં આવી છે. આવા ગુનેગારોએ જો ગેરકાયદેસર જગ્યા પર બાંધકામ કરેલ હોય એટલે નગરપાલિકા કે ગ્રામપંચાયતની જમીન પર દબાણ કરેલ હોય તો તંત્ર સાથે સંકલન કરી ગેરકાયદેસર જગ્યા ખુલ્લી કરવામાં આવશે. ગેરકાયદેસર જમીન, વાડી કે મકાનમાં ગેરકાયદેસર વીજજોડાણ લીધુ હોય તો આવા ઈસમો સામે કાર્યવાહી કરવામાં આવશે. આમ, અમરેલી જિલ્લા પોલીસે ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા ૧૧૩ ઈસમની યાદી તૈયાર કરતા આવનારા સમયમાં આવા ઈસમો સામે કડક કાર્યવાહી ધરવામાં આવશે તેવા સંકેતો દેખાઈ રહ્યા છે.

વિકાસ સાંગાણી 81283 53937 / 70488 83488
નક્ષત્ર મોટર્સ
Tunwal
Tunwal E-Vehicles
સોલાર રૂફટોપ સિસ્ટમ
વસાવો ઈલેકટ્રીક બીલ માંથી મુક્તિ મેળવો......
અદાણી, ગોલ્ડી પહલ પેનલો ઉપલબ્ધ
Rs.78000/- સબસિડી
ઈલેકટ્રીક બાઈક
ન્યુ ઈ-બાઈક સેલ્સ એન્ડ સર્વિસ, દરેક પ્રકારના ટુ-વ્હીલ, ફોરવ્હીલ સેલ્સ એન્ડ સર્વિસ
ઈલેકટ્રીક બાઈક તુનવાલ યો બાઈક
એસ.ટી.ડેપો પાછળ, ભોજલરામ વાડીની બાજુમાં અમરેલી

## માનસિક બીમાર વૃદ્ધ વ્યકિતનું પરિવાર સાથે મિલન કરાવતી લાઠી પોલીસ

લાઠી, તા.૧૭



લાઠી પોલીસ સ્ટેશનના ટાઉન બીટ પોલીસ સ્ટાફ ૧૫/૦૩/૨૦૨૫ના રોજ પેટ્રોલિંગમાં હતો તે દરમ્યાન બસ સ્ટેન્ડ ખાતે એક વયોવૃધ્ધ વ્યક્તિ આંટાફેરા મારતા જોવા મળ્યા હતા. આથી તેમની પૂછપરછ કરતા તેઓ બોલી શકતા ન હોય અને માનસિક સ્થિતી સારી ન હોય તેવું જણાયું હતું. તેઓ પોતાની ઓળખ આપી શકતા નહોતા. આથી તેમને લાઠી પોલીસ ચોકી ખાતે લાવી તેમના પરિવાર અંગે તપાસ કરી હતી. તેમનો પરિવાર અમરેલી ખાતે રહેતો હોય તેવું જણાઈ આવેલ. તેના આધારે તેમના દીકરા મહેશભાઈ સવજીભાઈ લાલૈયા (રહે. જેસીંગપરા અંબીકાનગર)નો સંપર્ક કરી ખરાઈ કરીને તેમને લાઠી બસ સ્ટેન્ડ પોલીસ ચોકી ખાતે બોલાવવામાં આવ્યા હતા. મહેશભાઈએ જણાવેલ કે મારા પિતાને માનસિક બીમારી છે અને આંખે ઓછુ દેખાતું હોવાથી તેઓ ઘરે કોઈને કહ્યા વગર નીકળી ગયેલ હતા. આમ, આ વયોવૃધ્ધ વ્યકિત સવજીભાઈ કાનજીભાઈ લાલૈયાનું તેમના પરિવાર સાથે સુખદ મિલન કરાવી લાઠી પોલીસે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડીને હદયસ્પર્શી કામગીરી કરી છે. લાઠી પોલીસ સ્ટેશનના ઈન્સપેક્ટર એસ.એમ. સોન ની સૂચના હેઠળ હેડ કોન્સ. કુમારસિંહ કે. રાઠોડ, હેડ કોન્સ. હસમુખભાઈ એન. ખુમાણ, પો.કોન્સ પરેશભાઈ એસ. ચૌહાણ તથા પો.કોન્સ. વિજયભાઈ વી. તલસાણીયા દ્વારા આ કામગીરી કરવામાં આવેલ છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

## ઉનાળાની શરૂઆત થતાની સાથે પ્રાણીઓની તરસ છીપાવવા વન વિભાગ સક્રિય

# અમરેલી જિલ્લામાં વન્યપ્રાણીઓ માટે પાણીના પોઈન્ટ કાર્યરત કરાયા


**ધારી ગીર પૂર્વમાં ૨૪૭ જયારે શેત્રુંજી ગીર વિભાગ દ્વારા ૯૦ પોઈન્ટ મુકાયા**

અમરેલી,તા.૧૭

ઉનાળો આવતા જ ગીર અને જૂનાગઢના જંગલોમાં ઝરણા-વોકળા સુકાઈ જાય છે અને જંગલી પ્રાણીઓ માટે પીવાના પાણીની સમસ્યા સર્જાય છે. તેથી પીવાના પાણીની શોધમાં પ્રાણીઓ ગામડાઓ તરફ આવી ચડે છે. જો કે જંગલના પ્રાણીઓ જંગલમાં જ રહે તે માટે વન વિભાગ દ્વારા ખાસ તૈયારીઓ કરવામાં આવી છે. વન વિભાગે જંગલ વિસ્તારમાં અલગ-અલગ પોઈન્ટ બનાવી ત્યાં પ્રાણીઓ માટે પાણીના કુંડ બનાવ્યા છે. જેમાં સરળતાથી પ્રાણીઓને પાણી પણ મળી રહે છે. ગીર એટલે કે, એશિયાઈ સિંહોનું ઘર. તેવામાં અહીં



ગીરના રાજાને નિહાળવા માટે હજારોની સંખ્યામાં પર્યટકો આવે છે. અને દરેક લોકોની ઈચ્છા હોય છે કે, તેઓને જંગલમાં સિંહ જોવા મળે. જોકે જંગલમાં વન વિભાગની જળ યોજનાથી પર્યટકોને સિંહો પણ જોવા મળી રહે



છે. આ કુંડઓ અને પાણીના પોઈન્ટ પર વન વિભાગ ખુદ પાણીની વ્યવસ્થા કરે છે. કેટલાક વિસ્તારોમાં ટેન્કર દ્વારા પાણીના કુંડ ભરવામાં આવે છે. તો કેટલાક વિસ્તારોમાં બોરવેલ બનાવી પવનચક્કીની મદદથી પ્રાણીઓ માટે પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે. જેમાં ધારી ગીરના ડીસીએફ વિકાસ યાદવે જણાવ્યું હતું કે, ગીર પૂર્વની સાત જુદી જુદી રેન્જમાં ૨૪૭ પાણીના પોઈન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે. આ પાણીના પોઈન્ટ વન વિભાગના શ્રમયોગીઓ દ્વારા પાણીના ટેન્કરથી ભરવામાં આવે છે. તો અમુક પોઈન્ટ પવનચક્કી, સોલારથી ભરાય છે જયારે શેત્રુંજી ગીર હસ્તક કુલ ૯૦ પાણીના પોઈન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે. ઉનાળામાં ઘણીવાર વન્યપ્રાણીઓ પાણીની શોધમાં છાશવારે રેવન્યુ વિસ્તારમાં ધસી આવતા હોય છે. વન્યપ્રાણીઆને પીવાના પાણી માટે વલખા મારવા ન પડે તે માટે વન વિભાગ દ્વારા જંગલમાં જ પાણીના પોઈન્ટ ઉભા કરવામાં આવ્યા છે. જેથી પ્રાણીઓ જંગલમાં જ તેની તરસ છીપાવી શકે.

# સાવરકુંડલા તાલુકા પંચાયતનું રૂા. ૧૧૫.૬૦ કરોડનું બજેટ મંજૂર

સાવરકુંડલા, તા.૧૭

સાવરકુંડલા તાલુકા પંચાયતની સામાન્ય સભા (બજેટ બેઠક) વર્ષ ૨૦૨૫/૨૬નું બજેટ મંજૂર કરવા સાવરકુંડલા તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડિયાના અધ્યક્ષ સ્થાને મિટિંગ મળી હતી. સાવરકુંડલા તાલુકાના સર્વાંગી વિકાસને નજર સમક્ષ રાખી બહુમતીથી



બજેટ મંજૂર કરેલ છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની સૂચના અન્વયે આ ૧૧૫.૬૦ કરોડનું



બજેટ મંજૂર કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૫-૨૬ ના નાણાપંચના વિકાસના કામો મજૂર કરવામાં આવ્યા તેમજ વન નેશન વન ઈલેકશનનો ઠરાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, ઉપપ્રમુખ પરશોતમભાઈ ઉમટ, ચેરમેન, સદસ્યો, તાલુકા વિકાસ અધિકારી, વિવિધ ખાતા ના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ચલાલા પોલીસ સ્ટેશન ખાતે પોલીસ કર્મચારીઓ દ્વારા સફાઈ અભિયાન

**પીઆઈ વસૈયાનાં માર્ગદર્શન નીચે સફાઈ કાર્યક્રમ યોજાયો**

અમરેલી, તા.૧૭

કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા સફાઈ અભિયાન પર જોર આપવામાં આવે છે. રાજયની અનેક સરકારી કચેરીઓમાં કર્મચારીઓ દ્વારા સફાઈ અભિયાન કરી પોતાનું



યોગદાન આપવામાં આવે છે. ત્યારે ધારી તાલુકાનાં ચલાલા પોલીસ સ્ટેશન ખાતે પણ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ચલાલા પોલીસ સ્ટેશન ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત જિલ્લા પોલીસ વડાની સૂચના અને ચલાલા પીઆઈ વસૈયાનાં માર્ગદર્શન નીચે ચલાલા પોલીસ મથક ખાતે તેમજ આસપાસનાં વિસ્તારોમાં પોલીસ કર્મચારીઓ દ્વારા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ કર્મચારીઓએ સફાઈ અભિયાન હાથ ધરી શહેરીજનોને પણ જાહેરમાં કચરો ન ફેંકવા અને ગંદકી ન કરવા તેમજ સ્વચ્છતા જાળવવા શીખ આપી હતી.




## અવસાન નોંધ

**અમરેલી**

અમરેલી નિવાસી વિપુલભાઈ મનસુખલાલ પરીખ (ઉ.વ. ૬૩) તે સૌમીનભાઈ તથા માનસીબેન નિરવભાઈ મહેતાના પિતાજી તથા પંકજભાઈ, સંજયભાઈ, કોકીલાબેન ભરતભાઈ પારેખ (રાજકોટ)ના નાનાભાઈ તથા ગાંધીધામ નિવાસી સ્વ. કાંતિલાલ એલ. પરીખના જમાઈ તેમજ ક્રિષ્ના પેટ્રોલ પંપ અને ક્રિષ્ના પ્લાસ્ટીક વાળાનું તા. ૧૫ ને શનિવારના રોજ અવસાન થયેલ છે.


**સાવરકુંડલા**

સાવરકુંડલા નિવાસી નાથાલાલ કરસનદાસ ધંધુકિયાના દીકરા હરગોવિંદદાસ (ઉ.વ.૯૩) તા. ૧૪ના અરીહંત શરણ પામેલ છે. તે રાજુભાઈ, રવિન્દ્રભાઈના પિતાશ્રી તથા પાયલ, મોનીલ, ઋષભ, ભૂમિ ઋષભકુમાર સુખડીયા લુણાવાડા વાળાના દાદા થાય તથા પ્રવીણભાઈ, મનહરલાલ, વસંતભાઈ, ફીનીનભાઈ, ધનીબેન રસીકલાલ પડધરીયા (મહુવા) તથા મંજુબેન હરસુખરાય (બગસરા) તથા હસુબેન જરાવંતરાય (બાવળા)ના મોટાભાઈ થાય.

**સાવરકુંડલા**

સવિતાબેન વનમાળીભાઈ મકવાણા (ઉ.૮૦) તે ભીખુભાઈ વનમાળીભાઈ મકવાણા, મહેશભાઈ વનમાળીભાઈ મકવાણા, રાજુભાઈ વનમાળીભાઈ મકવાણાના માતુશ્રીનું તા.૧૫ને શનિવારના રોજ અવસાન થયેલ છે.

# દોલતી ગામે ૧૧ કે.વી.માં વારંવાર વીજશોક, એક પશુનું મોત



અમરેલી,તા.૧૭

સાવરકુંડલાના દોલતીમાં ૧૧ કે.વી. વીજલાઈનમાં અર્થિંગ આવતા વારંવાર શોકસર્કિટની ઘટનાઓ બની રહી છે. અહીં વીજશોકથી પશુ મોતને પણ ભેટ્યા છે. સ્થાનિક અગ્રણીએ અનેક વખત રજૂઆત કરી છે છતાં સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. દોલતીમાં પીજીવીસીએલની બેદરકારી સામે આવી હતી. અહીં ગામની મધ્યમાંથી ૧૧ કે.વી.ની વીજલાઈન પસાર થઈ રહી છે. જેમાં અર્થિંગના કારણે વારંવાર શોકસર્કિટની ઘટના બની રહી છે. અહીં વીજશોકથી પશુનું મોત પણ નિપજયું હતુ.

**સંકુલ All-PG કોલેજ – સવારની શીફટમાં હોસ્ટેલ PG ગર્લ્સને – જોબમાં જવાની છૂટ**

★ સંકુલની MA - M.Com.- M.Sc. - MBA - MCA કોલેજ તેમજ B.Pharm. 4th Year - B.Ed. - PG DMLT કોલેજ સવાર ની શીફટ માં ચાલે છે.

★ હોસ્ટેલની PG ગર્લ્સને પેરેન્ટ્સની સમંતિથી – બપોર પછી સંકુલ બહાર પાર્ટ ટાઈમ જોબમાં જવાની અથવા ઈન્ટર્નશીપ માં જવાની છૂટ આપવામાં આવે છે.

★ તેઓ PG ખર્ચ માટે થોડુ સ્ટાઈપેન્ડ મેળવે – થોડા અનુભવી થાય તેવો ઈરાદો છે.

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) – ચક્કરગઢરોડ અમરેલી.-Ad 127

**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર

- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠક્કર** M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ઉપલબ્ધ સારવાર

- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ / મરણ અરજી નં.૨૫/૨૦૨૫

અરજદારઃ શ્રી ભરચ હસનભાઈ મુસાભાઈ
સરનામુઃ મું.લાઈટ હાઉસ રોડ, જાફરાબાદ તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફીસરશ્રી-જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી ભરચ હસનભાઈ મુસાભાઈ** એ તેમના **પિતા નામે શ્રી મુસાભાઈ જુસબભાઈ ભરચ નું મરણ** તા.૦૧/૦૧/૧૯૯૮ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **આઈ.આઈ.ગાહા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે. માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૧૦/૦૩/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ / મરણ અરજી નં.૨૮/૨૦૨૫

અરજદારઃ શ્રી ગોહિલ હાજાભાઈ શામળભાઈ
સરનામુઃ મું.નવી જીકાદ્રી તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી-નવી જીકાદ્રી
મું.નવી જીકાદ્રી તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના નવી જીકાદ્રી** ગામના **શ્રી ગોહિલ હાજાભાઈ શામળભાઈ** એ તેમના **માતા નામે શ્રી સુમાબેન શામળભાઈ ગોહિલ નું મરણ** તા.૧૦/૦૪/૨૦૧૭ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **આઈ.આઈ.ગાહા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે. માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૧૦/૦૩/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ / મરણ અરજી નં.૩૨/૨૦૨૫

અરજદારઃ શ્રી જાદવ બાલુભાઈ બોઘાભાઈ
સરનામુઃ મું.મીઠાપુર તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - મીઠાપુર
મું.મીઠાપુર તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના મીઠાપુર** ગામના **શ્રી જાદવ બાલુભાઈ બોઘાભાઈ** એ તેમના **પુત્ર નામે શ્રી જાદવ અશ્વિન બાલાભાઈ નો જન્મ** તા.૦૧/૦૬/૧૯૯૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **આઈ.આઈ.ગાહા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે. માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૧૦/૦૩/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ / મરણ અરજી નં.૪૦/૨૦૨૫

અરજદારઃ શ્રી રખમાઈબેન ભોળાભાઈ બારૈયા
સરનામુઃ મું.ગોલ્ડન સોસાયટી, જાફરાબાદ તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફીસરશ્રી - જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી રખમાઈબેન ભોળાભાઈ બારૈયા** એ તેમના **બહેન નામે શ્રી સોનાબેન મંગાભાઈ સોલંકી નો જન્મ** તા.૦૧/૦૧/૧૯૮૦ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **આઈ.આઈ.ગાહા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે. માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૧૦/૦૩/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

# રાજુલાના સરોવરડામાં પાણીનો પોકાર : મહી પાઈપલાઈન તળાવ સુધી લંબાવવા ખેડૂતોની માંગ

રાજુલા,તા.૧૭

રાજુલા તાલુકાના સરોવરડા ગામના ખેડૂતો મહી પાઈપલાઈનનું પાણી તેમના તળાવ સુધી લંબાવવાની માંગ કરી રહ્યા છે. કોટડીથી માત્ર પાંચ કિલોમીટર દૂર આવેલા સરોવરડા ગામમાં છેલ્લાં ૨૦ વર્ષથી એક પણ નવો ડેમ મંજૂર થયો નથી, જેના કારણે ખેડૂતોની હાલત કફોડી બની છે. ખેડૂતોનું કહેવું છે કે સરકાર ખેતીને પ્રોત્સાહન આપવાની વાતો કરે છે, પરંતુ સ્થાનિક અધિકારીઓ યોજનાઓને અમલમાં આવવા દેતા નથી. માત્ર અડધો કિલોમીટરનો ફેર હોવા છતાં, સરોવરડા ગામ સુધી પાઈપલાઈન લંબાવવાનો સર્વે પણ કરવામાં આવ્યો નથી.

પાણીના અભાવે ખેડૂતોને તેમની જમીન ખાનગી ઉદ્યોગોને વેચવાની ફરજ પડી રહી છે. સરકાર દ્વારા તળાવો ભરવાની યોજના જાહેર કરવામાં આવી છે, પરંતુ પાઈપલાઈનના અભાવે આ યોજના સરોવરડા ગામમાં સાકાર થઈ રહી નથી. જ્યારે અન્ય ગામોમાં ત્રણ કિલોમીટર સુધી પાઈપલાઈન નાખવાની યોજનાઓ મંજૂર થઈ ગઈ છે, ત્યારે સરોવરડા ગામને બાકાત રાખવામાં આવ્યું છે. સરોવરડા ગામના લોકો અને સ્થાનિક આગેવાનોએ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીને પાણી પુરવઠા મંત્રીને રજૂઆત કરવા વિનંતી કરી છે. તેઓ સ્પેશિયલ કેસ તરીકે સરોવરડા ગામના પીવાના પાણી અને સિંચાઈના પાણીનો પ્રશ્ન હલ કરવાની માંગ કરશે. તળાવ મોટું હોવા છતાં, પાણીના અભાવે અને બોરનું ખારું પાણી આવવાને કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે.

# સાવરકુંડલામાં રહેણાંક મકાનમાં એલસીબીએ પાડ્યો દરોડો : વિદેશી દારૂની બોટલો ઝડપાઈ

**પોલીસે શિલ્પેશ વાળા સામે ગુનો નોંધ્યો, આરોપી ફરાર**



અમરેલી,તા.૧૭

અમરેલી એલસીબી પોલીસે સાવરકુંડલા શહેરમાં દારૂબંધી કાયદા વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે. પોલીસને મળેલી બાતમીના આધારે એક રહેણાંક મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે વિદેશી દારૂ અને બિયરની કુલ ૨૧૭ બોટલ જપ્ત કરી છે. આ જથ્થાની કિંમત રૂ.૩૩,૭૩૦ આંકવામાં આવી છે. આ કેસમાં આરોપી શિલ્પેશ બાબુભાઈ વાળા સામે સાવરકુંડલા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. આરોપી હાલ ફરાર છે. પોલીસે તપાસ શરૂ કરી છે કે આ દારૂનો જથ્થો ક્યાંથી મંગાવવામાં આવ્યો હતો. વધુમાં, આ જથ્થો ક્યાં-ક્યાં ડિલિવરી કરવાનો હતો અને અન્ય કોઈ આરોપીઓ સંડોવાયેલા છે કે કેમ તેની તપાસ ચાલી રહી છે. પોલીસે આરોપીની ધરપકડ માટે વિશેષ ટીમ બનાવી છે.

# વરસડા અને સરભંડામાંથી વિદેશી દારૂની બોટલ ઝડપાઈ

અમરેલી, તા.૧૭

અમરેલીના વરસડા અને સરભંડામાંથી વિદેશી દારૂની બોટલ ઝડપાઈ હતી. વરસડા ગામે સદગુરૂનગર બસ સ્ટેશન પાસે રસ્તા પરથી એક યુવક મોટર સાયકલ લઈને જતો હતો ત્યારે અટકાવી તલાશી લેતા ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૮ બોટલ, બીયરના ૧૪ ટીન મળી આવ્યા હતા. પોલીસે કુલ મળી ૨૮,૬૦૪ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સાવરકુડલામાં હાથસણી રોડ પરથી એક યુવક પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ મળી હતી. પોલીસે બાઈક સહિત ૨૦,૬૩૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સરભંડા ગામેથી મહિલાના રહેણાંક મકાનેથી ૧૫ લીટર દેશી દારુ મળ્યો હતો. જ્યારે પાંચ ઈસમો કેફી પીણું પીને ફરતી હાલતમાં મળી આવ્યા હતા. છ ઈસમો નશાયુક્ત હાલતમાં વાહન ચલાવતાં મળી આવ્યા હતા.

# બાબરા ગામે ભરડીયામાં થયેલી ચોરીમાં ત્રણ બુકાનીધારી સીસીટીવી કેમેરામાં કેદ

અમરેલી,તા.૧૭



બાબરા તાલુકા ભાજપના પૂર્વ મહામંત્રી મહેશભાઇ ભાયાણીના ભરડીયામાં થોડા દિવસ પહેલા ત્રણ બુકાનીધારી તસ્કરો ત્રાટક્યા હતા અને પેનલ રૂમમાંથી ૭૦ ફુટ કોપર વાયરની ચોરી કરીને લઈ ગયા હતા. આ બારામાં તેમણે બાબરા પોલીસ મથકમાં ફરિયાદ પણ નોંધાવી છે. આ તસ્કરો સીસીટીવીમાં કેદ થઇ ગયા છે. બાબરા તાલુકા ભાજપના પૂર્વ મહામંત્રી મહેશભાઈ ભાયાણીએ જણાવ્યું હતું કે અહીં ભરડીયામાં છેલ્લા આઠ દસ વર્ષમાં ચોરીના ઘણા બનાવો બન્યા છે. તે તમામ ચોરીના ભેદ પોલીસ ઉકેલે તેમજ સઘન પેટ્રોલિંગ કરે તો ચોરીના બનાવોમાં અકુંશ આવે તેમ છે. પોલીસ પેટ્રોલિંગના અભાવે તસ્કરોને જાણે મોકળુ મેદાન મળી ગયુ હોય તેમ ચોરી કરી રહ્યાં છે. હાલ તો તસ્કરો સીસીટીવીમાં કેદ થઈ ગયા હોવાથી આ તસ્કરોને તાત્કાલિક પકડવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# અમરેલીમાં ટ્રેક્ટરના શો રૂમના પાર્કિંગમાંથી બાઈકની ઉઠાંતરી

**ચલાલાના વ્યક્તિએ અજાણ્યા ઈસમ સામે અમરેલી સિટી પોલીસમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા.૧૭

અમરેલી શહેરમાં લાઠી ચોકડી પાસે આવેલા પટેલ ટ્રાન્સપોર્ટની ઓફિસની બાજુમાં આવેલા મહિન્દ્રા ટ્રેક્ટરના શો રૂમના પાર્કિંગમાંથી બાઈકની ઉઠાંતરી કરી અજાણ્યો શખ્સ ફરાર થઈ ગયો હતો. બનાવ સંદર્ભે ચલાલામાં રહેતા ભાવેશભાઈ રામજીભાઈ રાઠોડ (ઉ.વ.૩૫)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના હોન્ડા શાઈનની ઉપરોક્ત સ્થળેથી અજાણ્યો ઈસમ ચોરી કરીને લઈ ગયો હતો. પોલીસ ચોપડે બાઈકની કિંમત રૂ. ૫૫,૦૦૦ જાહેર થઈ હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.આર. રાવળ વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભા પંથકમાં યુવકે યુવતીનો હાથ પકડી ઘરમાં લઈ જઈને ખરાબ માંગણી કરી

**યુવતીએ રાડો નાખતા કુટુંબીજનો આવી પહોંચ્યા**

ખાંભા, તા.૧૭

ખાંભા પંથકમાં બહેન દીકરીઓની સલામતી પર પ્રશ્નાર્થ ઉભા થયા છે. યુવકે એક યુવતીનો હાથ પકડી ઘરમાં લઈ જઈને ખરાબ માંગણી કરી હતી. યુવતીએ રાડો નાખતા કુટુંબીજનો આવી પહોંચ્યા હતા. બનાવ અંગે યુવતીએ નવા માલકનેશ ગામે રહેતા કિરણભાઈ ઉર્ફે સુરેશ ધીરૂભાઈ મકવાણા સહિત બે મહિલા સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ મંદિરેથી દર્શન કરીને આવતા હતા ત્યારે આરોપીએ પાછળથી આવી હાથ પકડી ઘરમાં લઈ ગયો હતો. જેથી તે રાડો નાખવા લાગતા તેના કુટુંબીજનો આવી પહોંચ્યા હતા. આરોપી બધાને ગાળો આપી જતો રહ્યો હતો. આ બનાવ અંગે સમાધાનની વાતો ચાલતી હતી ત્યારે તેમને તથા તેની માતાને જેમ ફાવે તેમ ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.બી. શિયાળ વધુ તપાસ કરી રહ્યા છે.

# રમજાનમાં દાવતમાં જમવા ન બેસવા દેવાના મનદુઃખમાં દાઢી પકડી ઢીકાપાટુ માર્યા

સાવરકુંડલા, તા.૧૭

સાવરકુંડલાના વિજપડી ગામે દાવતમાં જમવા ન બેસવા દેવાના મનદુઃખમાં દાઢી પકડીને ઢીકાપાટુ માર્યા હતા. બનાવ અંગે આદમભાઈ અલારખભાઈ પાયક (ઉ.વ.૪૫)એ સલીમશા ભીખુશા ઠેબા, ઈબ્રાહીમ ઉર્ફે ઈભો સાલેમભાઈ, સલીમશા ભીખુશા ઠેબાના પત્ની સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ગત વર્ષે રમજાન મહિનામાં સલીમશાની દાવત હોય અને તેણે વિજપડી ગામના મુસ્લિમ સમાજમાં દાવત રાખી હતી. જેમાં જમવાનું આમંત્રણ આપેલ હોય તે સમયે તેઓ મુસ્લિમ સમાજના પ્રમુખ હતા. જેથી તેની દાવતમાં તેઓ તથા મુસ્લિમ સમાજના માણસો ગયેલા પરતુ ત્યાં કોઈ જમવા બેસતું નહોતું. જેથી તે સમયે હાજર માણસોને તેમણે કહ્યું કે, આપણે જમી લઈએ પરંતુ હાજર માણસોમાંથી કોઈ જમવા બેઠું નહોતું. જેનું મનદુઃખ રાખી તેમની સાથે બોલાચાલી કરી ગાળો આપી દાઢી પકડી શરીરે ઢીકાપાટુનો મુઢમાર માર્યો હતો.

# 'હું પહોંચી શકું તેટલો ફાળો આપું' કહેતા પુરુષ સાથે ઝપાઝપી કરી

**વિજપડી ગામે બનાવ બન્યો**

સાવરકુંડલા, તા.૧૭

સાવરકુંડલાના વિજપડી ગામે 'હું પહોંચી શકું તેટલો ફાળો આપું' તેમ કહેતા પુરુષ સાથે ઝપાઝપી કરવામાં આવી હતી.

બનાવ અંગે સલીમશા ભીખુશા ઠેબા (ઉ.વ.૪૫)એ આદમભાઈ અલારખભાઈ પાયક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ ઊભા રાખી કહેલ કે 'રમજાન મહિનાનો મસ્જિદનો ફાળો તમે રૂપિયા બસ્સો લખાવો છો તે ખૂબ ઓછો કહેવાય. 'જેથી તેમણે 'હું પહોંચી શકું તેટલો ફાળો આપું' તેમ કહેતા ઉગ્ર બોલાચાલી કરીને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. આ સમયે ઝપાઝપી કરતા તેમના મિત્ર હનીફભાઈ મહેમદભાઈ જોગિયાણી વચ્ચે પડતા વધુ મારમાંથી બચાવ્યા હતા અને તેમના ખિસ્સામાં રહેલા ૫૦૦૦ તથા મોબાઈલ ફોન ક્યાંક પડી ગયો હતો.

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પ્રો.એએસઆઈ બી. એસ. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ ચોથ
તા. ૧૮-૦૩-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૬:૨૮, સૂર્યાસ્ત-૦૬:૩૧, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્રઃ સ્વાતિ

## દૈનિક રાશિફળ

તા.૧૮-૦૩-૨૦૨૫ મંગળવાર

- મેષ: તમારા માટે આજનો દિવસ ખાસ છે અને ઘણો સંઘર્ષ કર્યા પછી તમને સમસ્યામાંથી થોડી રાહત મળશે. આર્થિક મુશ્કેલીમાંથી તમને રાહત મળશે.
- વૃષભ: આજનો દિવસ ઝડપી છે. દરેક કામ સમયસર પૂરું કરશો. તમારી પ્રગતિ જોઈને દરેક જણ આશ્ચર્યચકિત થશે. તમે તમારી સિદ્ધિઓ પણ જોઈ શકો છો.
- મિથુન: તમારે આ સમયે ઘણું દોડવું પડી શકે છે. તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો.
- કર્ક: ગ્રહોની અયોગ્ય સ્થિતિને કારણે આજે તમે કોઈ પણ કારણ વિના ચિંતિત રહી શકો છો અને કોઈ પણ કાર્ય પૂર્ણ નહીં થવાને કારણે પરેશાન રહેશો.
- સિંહ: આજનો દિવસ તમારા માટે અનુકૂળ અને લાભદાયક છે. ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી તમને લાભ મળી શકે છે અને આજે તમારા હાથમાં થોડી તક મળી શકે છે.
- કન્યા: આજે ગ્રહોની સ્થિતિ તમારા માટે અનુકૂળ છે અને આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્ય ગોઠવવા અંગે ચર્ચા થઈ શકે છે.
- તુલા: આજનો દિવસ શુભ છે અને તમને આકસ્મિક ગમે ત્યાંથી સારા સમાચાર મળશે. કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવ આ સમયે તમારા પર વર્ચસ્વ નાથવા દો.
- વૃશ્ચિક: આજે તમારી જ્ઞાનના ક્ષેત્રે પ્રગતિ થશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. વિવાદિત કિસ્સા સમાપ્ત થશે.
- ધન: આ દિવસે તમે બીજાના કામમાં અટવાઈ જશો. આજનો દિવસ બહેન-ભાઈની ચિંતામાં પસાર થશે, કારણકે તમે તમારા પરિવારની સુખાકારી માટે પ્રતિબદ્ધ છો.
- મકર: આજનો દિવસ ઇચ્છિત પરિણામ આપનાર છે. આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીને લીધે તમારું માન સન્માન વધશે.
- કુંભ: આજનો દિવસ તમારા માટે કોઈ પ્રકારનાં દબાણ હેઠળના કામનો સાબિત થઈ શકે છે. વ્યાવસાયિક ચિંતા તમને પરેશાન કરી શકે છે.
- મીન: આજનો દિવસ તમારા માટે સફળતાનો છે. નવા સંપર્કથી તમને ફાયદો થઈ શકે છે. જો તમે કોઈ સંશોધન કાર્યમાં સામેલ છો તો તમને ફાયદો થશે.

# સાવરકુંડલાની દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં વિશ્વ ગ્રાહક સુરક્ષા દિનની ઉજવણી

સાવરકુંડલા,તા.૧૭



એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં ૧૫મી માર્ચ, વિશ્વ ગ્રાહક સુરક્ષા દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે, ગ્રાહક જાગૃતિ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિજેતા વિદ્યાર્થિનીઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

શાળાના ગ્રાહક સુરક્ષા કન્વીનર હિતેશભાઈ ઢાપાએ વિદ્યાર્થિનીઓને ગ્રાહક અધિકારો અને ફરિયાદ નિવારણ વિશે માર્ગદર્શન આપ્યું હતું, જ્યારે આચાર્યા ઉષાબેન તેરૈયાએ સાયબર ક્રાઈમ વિશે માહિતી આપી હતી. વિદ્યાર્થિનીઓએ ગ્રાહક સુરક્ષાના સૂત્રો સાથે રેલી કાઢીને જાગૃતિ ફેલાવી હતી.

રેલી બાદ, તમામ વિદ્યાર્થિનીઓને નાસ્તો કરાવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ આચાર્યા ઉષાબેન તેરૈયાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો, અને તેનું સંચાલન ભરતભાઈ ગામી અને હિરલબેન તેરૈયાએ કર્યું હતું.

# અમરેલીથી ચોટીલા જતા દંપતીને સુરત પાસિંગની કારે અડફેટે લીધું

અમરેલી, તા.૧૭

અમરેલીથી ચોટીલા જતા દપંતીને સુરત પાસિંગની કારે અડફેટે લીધું હતું. બનાવ અંગે પરશોતમભાઈ જયરામભાઈ ઝાલા (ઉ.વ.૬૨)એ આઈ-૨૦ ગાડી રજી.નં.જીજે-૦૫-જે.કે- ૪૦૦૫ ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા તેના પત્ની લક્ષ્મીબેન મોટર સાયકલ ઉપર અમરેલીથી ચોટીલા મુકામે જતા હતા. તે દરમિયાન આરોપીએ પોતાના હવાલાવાળી આઈ-૨૦ ફોરવ્હીલ રજી.નં.જીજે-૦૫-જે.કે- ૪૦૦૫ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી આવી તેમની મોટર સાયકલની પાછળ ભટકાવી હતી. જેમાં તેઓ પતિ-પત્ની ઘાયલ થયા હતા. અકસમાત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.ડી. અમરેલીયા વધુ તપાસ કરી રહ્યા છે.


## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૪૩/૨૦૨૫

અરજદાર :- શ્રી બાંભણીયા જસુબેન ધીરૂભાઈ
સરનામું :- મું.બાલકૃષ્ણ સોસાયટી, જાફરાબાદ, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
**ચીફ ઓફીસરશ્રી - જાફરાબાદ**
**મું. જાફરાબાદ,તા.જાફરાબાદ જિ.અમરેલી**

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના જાફરાબાદ ગામના શ્રી **બાંભણીયા જસુબેન ધીરૂભાઈ** એ તેમના **બહેન નામે શ્રી લાડુબેન બાવાભાઈ સોલંકી નો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૯ નાં** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આઈ.આઈ.ગાહા** મારફત અત્રેની કોર્ટમા ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૦ માહે. માર્ચ સને.૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૧૦/૦૩/૨૦૨૫**
કોર્ટનો સિક્કો
**સહી, તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ જાફરાબાદ**

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૩૯/૨૦૨૫

અરજદાર :- શ્રી ધીરૂભાઈ નારણભાઈ ચૌહાણ
સરનામું :- મું.મોટામાણસા, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
**તલાટી કમ મંત્રીશ્રી - મોટામાણસા**
**મું.મોટામાણસા,તા.જાફરાબાદ જિ.અમરેલી**

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના મોટા માણસા** ગામના શ્રી **ધીરૂભાઈ નારણભાઈ ચૌહાણ** એ તેમની **પુત્રી નામે શ્રી અસ્મિતાબેન ધીરૂભાઈ ચૌહાણ** નો જન્મ તા.૧૧/૧૦/૨૦૦૪ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આઈ.આઈ.ગાહા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૦ માહે. માર્ચ સને.૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૧૦/૦૩/૨૦૨૫**
કોર્ટનો સિક્કો
**સહી, તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ જાફરાબાદ**

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૧૩/૨૦૨૫

અરજદાર: શ્રી બારૈયા હાકાભાઈ ભગવાનભાઈ
સરનામુ: મું.મીતીયાળા તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - મીતીયાળા
મું.મીતીયાળા તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના મીતીયાળા** ગામના **શ્રી બારૈયા હાકાભાઈ ભગવાનભાઈ** એ તેમની **પુત્રી નામે શ્રી બારૈયા લીલાબેન હાકાભાઈ નો જન્મ** તા.૦૧/૦૧/૧૯૯૮ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **આઈ.આઈ.ગાહા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે. માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૧૦/૦૩/૨૦૨૫**
કોર્ટનો સિક્કો
**સહી તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ જાફરાબાદ**

**તંત્રી લેખ**

# મોટા વેપારીઓ માટે ડિજિટલ પેમેન્ટ હવે પેઇડ બને છે

આજે આપણા દેશમાં તમામ લોકો google પે નો ઉપયોગ કરે છે. મતલબ કે ડિજિટલ પેમેન્ટ કરે છે. જેને કારણે નાણાકીય વ્યવહારો સરળ બન્યા છે. સ્વચ્છ બન્યા છે. આમાં કોઈ વચેટીયા ના હોવાથી પેમેન્ટ સીધું જ તે કંપનીને અથવા વ્યક્તિને મળી જાય છે અને એ પણ તરત. ડિજિટલ પેમેન્ટ એકદમ સરળ છે. સહજ છે. અને તેનો નાનામાં નાના માણસો પણ આજે ઉપયોગ કરે છે તે આનંદની વાત છે પરંતુ આની પાછળ ખૂબ મોટા ખર્ચાઓ થતા હોવાથી સરકાર તથા ફિનટેક કંપનીઓ જે સૌથી વધારે નાણાકીય વ્યવહાર કરે છે તેના પર મામુલી ચાર્જ વસૂલ કરવાનું વિચારે છે અને તે વસ્તુ જરા પણ ખોટી નથી. દેશમાં UPI અને RuPay ડેબિટ કાર્ડનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. હાલમાં કરવામાં આવતા વ્યવહારો પર કોઈ ફી લેવામાં આવતી નથી. MDR એટલે કે મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ એ ચાર્જ છે જે દુકાનદારો ડિજિટલ પેમેન્ટ પ્રોસેસ કરવા માટે તેમની બેંકોને ચૂકવે છે. હાલમાં સરકારે આ ફી માફ કરી દીધી છે પરંતુ હવે સરકાર તેને ફરીથી લાગુ કરવાની યોજના બનાવી રહી છે. બેંકિંગ ઉદ્યોગ દ્વારા સરકારને એક પ્રસ્તાવ મોકલવામાં આવ્યો છે. આ પ્રસ્તાવમાં એવું કહેવામાં આવ્યું છે કે જે દુકાનદારોનું વાર્ષિક ટર્નઓવર ૪૦ લાખ રૂપિયાથી વધુ છે તેમના પર ફરીથી MDR લાગુ કરવામાં આવે. સરકાર આ દરખાસ્ત પર વિચાર કરી રહી છે. આનો અર્થ એ થયો કે જે નાના દુકાનદારોનું વાર્ષિક વેચાણ ૪૦ લાખ રૂપિયાથી ઓછું છે તેમની પાસેથી કોઈપણ પ્રકારનો MDR વસૂલવામાં આવશે નહીં. અને મોટા વેપારીઓ માટે અલગ અલગ દરો નક્કી કરવામાં આવ્યા છે. આ દરખાસ્ત મુજબ, સરકાર એક સ્તરીય વ્યવસ્થા લાગુ કરી શકે છે. આનો અર્થ એ થયો કે મોટા વેપારીઓએ વધુ ફી ચૂકવવી પડશે અને નાના વેપારીઓએ ઓછી ફી ચૂકવવી પડશે અથવા બિલકુલ ફી ચૂકવવી પડશે નહીં. આનાથી નાના વેપારીઓ પર કોઈ અસર થશે નહીં. પરંતુ દર મહિને લાખો અને કરોડો રૂપિયાની ડિજિટલ ચુકવણી કરનારા મોટા વેપારીઓએ ચાર્જ ચૂકવવો પડશે. બેંકો અને ચુકવણી કંપનીઓ કહે છે કે જ્યારે મોટા વેપારીઓ પહેલાથી જ વિઝા, માસ્ટરકાર્ડ અને ક્રેડિટ કાર્ડ પર MDR ચૂકવી રહ્યા છે, તો પછી UPI અને RuPay પર કેમ નહીં ? બેંકોના મતે, જ્યારે સરકારે ૨૦૨૨ના બજેટમાં MDR નાબૂદ કર્યો, ત્યારે આ પગલું ભરવાનો હેતુ ડિજિટલ ચુકવણીને પ્રોત્સાહન આપવાનો હતો. પરંતુ હવે UPI સૌથી વધુ ઉપયોગમાં લેવાતું ચુકવણી માધ્યમ બની ગયું છે. તેથી, આ સુવિધાનો ખર્ચ ઉઠાવવાને બદલે, સરકાર મોટા વેપારીઓ પાસેથી ફી વસૂલ કરી શકે છે. પેમેન્ટ કંપનીઓ, જે હવે સરકાર દ્વારા પેમેન્ટ એગ્રીગેટર નિયમો હેઠળ નિયંત્રિત થાય છે, તેઓ કહે છે કે નિયમોનું પાલન કરવાનો ખર્ચ તેમના માટે નોંધપાત્ર રીતે વધી ગયો છે. જો પરત કરવામાં નહીં આવે, તો તેમના વ્યવસાયો ટકી શકશે નહીં. તેમને ચુકવણી પ્રક્રિયા, સાયબર સુરક્ષા, ટેકનોલોજી અપગ્રેડ અને ગ્રાહક સેવામાં ભારે રોકાણ કરવું પડશે. કોઈપણ ફી વગર આ બધા ખર્ચાઓ ઉઠાવવા શક્ય નથી. MDR એટલે કે મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ એ ફી છે જે દુકાનદારો વાસ્તવિક સમયમાં ચુકવણી સ્વીકારવાની સુવિધાના બદલામાં ચૂકવે છે. જ્યારે ગ્રાહક UPI અથવા ડેબિટ કાર્ડ દ્વારા ચુકવણી કરે છે, ત્યારે બેંકો અને ચુકવણી કંપનીઓએ માળખાકીય સુવિધાઓનો ખર્ચ ઉઠાવવો પડે છે. આ ખર્ચને પહોંચી વળવા માટે આ ફી લેવામાં આવે છે. સરકારે ડિજિટલ પેમેન્ટની પ્રક્રિયા કરવાના બદલામાં બેંકો અને ફિનટેક કંપનીઓને કેટલીક સબસિડી આપી હતી. પરંતુ હવે તેમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે.

# ઘઉંના જવારાનો રસ એટલે ગ્રીન બ્લડ, અનેક રોગોની રામબાણ દવા છે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

મેડિકલ સાયન્સની અભૂતપૂર્વ પ્રગતિ થઈ રહી છે. આમ છતાં પ્રાચીન ભારતની ચિકિત્સા પદ્ધતિ આયુર્વેદની લોકપ્રિયતા પણ દિવસે દિવસે વધતી જાય છે. આમાં એક મહત્વની વસ્તુ ઘઉંના જવારા છે. ઘઉંના જવારાનો નિર્દોષ રસ પીવાનું ચલણ દિનપ્રતિદિન વધતું જાય છે. અમેરિકામાં જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાતા દર્દીઓને દરરોજ ચાર મોટા ગ્લાસ ભરીને જવારાનો રસ આપવામાં આવે છે. જીવનની તમામ આશાઓ છોડી દીધી હોય એવા દર્દીઓને પણ ત્રણ દિવસ કે તેથી ઓછા સમયમાં ચમત્કારિક ફાયદો થાય છે. જવારાના રસથી માંદા માણસને સારો ફાયદો થતો હોવાથી તેનો ખૂબ વપરાશ થાય છે.

ઘઉંના જવારાના રસમાં રોગનો પ્રતિકાર કરીને તેમને નાબૂદ કરવાની એક અજબ શક્તિ છે. એમાં કુદરતી સ્વરૂપમાં કાર્બોહાઈડ્રેટ્સ, ઘણા ખરા બધા જ વિટામિનો અને ક્ષારો તેમજ ઉચ્ચ પ્રોટીન રહેલા છે. એના સેવનથી અસંખ્ય લોકોએ વિવિધ પ્રકારના રોગોમાંથી મુક્તિ મેળવી છે. હજારો માંદા તેમજ નિરોગી લોકોએ પોતાના રોજિંદા ખોરાકમાં ફેરફાર કર્યા સિવાય ઘઉંના જવારાના રસથી ટૂંક સમયમાં જ ચમત્કારિક લાભો મેળવ્યા છે. જવારાના રસથી આંખ, દાત અને વાળને ઘણો ફાયદો થાય છે. બંધકોશ મટી જાય છે. ઘણું વધારે કામ કરી શકાય છે છતાં થાક લાગતો નથી. જવારાના રસમાં લગભગ તમામ ક્ષારો અને વિટામિનો છે. તેથી શરીરમાં જે કંઈ ખૂટતું હોય તેની પૂરતી જવારાના રસથી થઈ જાય છે. એનાથી દરેક ઋતુમાં નિયમિત રીતે ખનીજો, વિટામિનો, ક્ષારો અને શરીર વિજ્ઞાનમાં કોષોને જીવંત રાખવા માટે જરૂરી એવા બધા જ તત્ત્વો મેળવી શકાય છે. ઉપરાંત તેમાં વિટામિન - એ ૧૮,૦૦૦ આં.રા. એમ/સો ગ્રામ, વિટામિન - સી ૧૦૦ મિ.ગ્રા./સો ગ્રામ, વિટામિન બી, ઈ પણ રહેલા છે. તેમાં પ્રોટીન અને ચરબી પણ છે. તેમાં રહેલા લિટ્રાઈલ બી વડે કેન્સર નિવારણના અનેક દાખલા બન્યા છે. તેમાંનું સૌથી અસરકારક તત્ત્વ ક્લોરોફિલ છે.

જો કે કુદરતી ઉપચાર પદ્ધતિમાં તો વર્ષોથી જવારાના રસનું સેવન કરવાનું કહેવામાં આવ્યું છે. વૈજ્ઞાનિક પરીક્ષણ બાદ શરીરશાસ્ત્રીઓ જવારાનું મૂલ્ય સમજવા લાગ્યા છે. ખાસ કરીને વજનને સમતોલ રાખવા, મેદ ઘટાડવા, ચામડીના રોગો તેમજ લાંબા કાળા વાળ માટે કોઈપણ ધાન્યમાંથી પેદા કરેલા જવારા એ ઉત્તમ ઔષધિ મનાય છે. વિદેશમાં આરોગ્ય વિજ્ઞાનના નિષ્ણાતો એને Green blood "લીલું લોહી" કહે છે.

ઉપરાંત તે શરીરમાં હિમોગ્લોબીન તત્ત્વનો પણ ઉમેરો કરે છે. જવારાનો રસ પચવામાં ખૂબ જ સહેલો છે કારણ કે આપણું લોહી અલ્પ માત્રામાં ક્ષારીય છે. તેમાં રહેલા હાઈડ્રોજન અણુઓનું પ્રમાણ ૭.૪ છે. જવારાનો રસ પણ ક્ષારીય ગુણધર્મ ધરાવે છે. તેનો પી. એચ. આંક પણ ૭. ૪ છે. તેથી તે ખૂબ જ ઝડપથી રક્તમાં શોષાઈ જાય છે. આવા ગુણને લીધે જ ઘઉંના જવારા પાંડુરોગ માટે પણ લાભકર્તા છે. ઘઉંના જવારામાં સારા એવા પ્રમાણમાં સક્રિય ક્લોરોફિલ રહેલું છે જે રક્તની શુદ્ધિ કરે છે જ્યારે જવારામાં રહેલું વિટામિન-ઈ હૃદય, રક્તવાહિનીઓ અને જાતીય સ્વસ્થતા માટે ખૂબ



ફાયદાકારક છે. તબીબોના જણાવ્યા અનુસાર લોહીની ઉણપ, નબળાઈ, એસિડિટી, મોંમાં ચાંદા, કબજિયાત વગેરેમાં ફાયદાકારક છે. જવારાના રસથી આંખ, દાંત અને વાળને ઘણો ફાયદો થાય છે, બંધકોશ મટી જાય છે, ઘણું વધારે કામ કરી શકાય છે છતાં થાક લાગતો નથી.

ઘઉંના જવારાનો રસ ખૂબ જ અસરકારક છે. માનવ લોહીનું રાસાયણિક બંધારણ તે લોહતત્ત્વનું બનેલું છે જ્યારે ઘાસ અથવા જવારાના રસનું બંધારણ એ મેગ્નેશિયમનું બનેલું છે. લોહીનો મુખ્ય ઘટક આયર્ન અને એક મિલીગ્રામ જવારાના રસમાં કોઈ જ ફેર નથી. એટલે જ અલ્ટરનેટીવ ન્યૂટ્રિશિયનની શોધમાં દુનિયાભરમાં ૧૦૦થી વધુ પ્રયોગશાળાઓમાં જવારાના રસ ઉપર પ્રયોગો ચાલી રહ્યા છે. કેટલાક સંશોધકોનું માનવું છે કે જવારાનું કાયમ સેવન કરવાથી શરીરમાં જીનેટિક ફેરફારો શક્ય છે. તે વંશીય ગુણદોષને બેલેન્સ કરી શકે છે. ઘઉંના જવારા એ વાસ્તવમાં ઘાસ જ છે જે તૃણવંશની વનસ્પતિ છે. વિશ્વભરમાં ઘાસની અંદાજિત ૧૬૦૦ જાતો છે જે પૈકી ભારતમાં દસેક હજાર જાતો જોવા મળે છે. દુનિયાભરના ઢોરઢાંખર અને તૃણભક્ષી જનાવરો તો ઘાસ ઉપર નભે જ છે. લાખોની સંખ્યામાં માનવીઓ આજે પણ ઘાસ અથવા ઘાસના કંદને મૂળ આહાર તરીકે વાપરે છે. ભારતમાં રહેતા કુલ આદિવાસીઓ પૈકી ૧૦ ટકા આદિવાસીઓ જંગલી ઘાસની મૂળ પેશીઓ વર્ષભર આરોગતા રહે છે.

ગુજરાતમાં પંચમહાલ, નર્મદા જિલ્લાનાં જંગલ વિસ્તારોમાં એમની અમુક સંખ્યા છે, જ્યારે ભારતમાં મધ્યપ્રદેશ, ઓરિસ્સા અને આસામમાં દૂરના જંગલોમાં તૃણભક્ષી આદિવાસીઓનો વિશાળ કાફલો વસવાટ કરે છે. રોગપ્રતિકારક શક્તિની દૃષ્ટિએ અનાજ આરોગનારાઓ કરતાં તેઓ વધુ સ્વસ્થ નોંધાયા છે. આ લોકો ભાગ્યે જ બીમાર પડે છે. તે તંદુરસ્ત અને લાંબું આયુષ્ય ભોગવે છે.

માનવ દેહના મોટાભાગના દર્દો કુદરતી વનસ્પતિથી મટી જાય છે. કુદરતી વનસ્પતિમાં એવી અદભુત ક્ષમતા છે જે માનવીને આરોગ્ય આપે છે, લાંબુ જીવન આપે છે. આયુર્વેદમાં આ અંગે વિસ્તારથી સમજાવવામાં આવ્યું છે. આનો અર્થ એવો નથી કે આપણે આધુનિક મેડિકલ સાયન્સને સાઈડમાં મૂકવું. આધુનિક મેડિકલ સાયન્સ સર્વશ્રેષ્ઠ કામ કરી જાય છે તે આપણે ન ભૂલવું જોઈએ. વિજ્ઞાન અને ટેકનોલોજીની પ્રગતિની સાથે ચિકિત્સાની આધુનિકતાને પણ અપનાવવી જોઈએ. તાત્કાલિક સારવારથી માનવીના જીવનનું રક્ષણ થઈ શકે છે. આયુર્વેદ ટૂંકુ પડે છે ત્યાં આધુનિક મેડિકલ સાયન્સ સહાયરૂપ થાય છે. સૌથી શ્રેષ્ઠ વસ્તુ એ છે કે બંનેનો સમન્વય કરવાથી સૌને ફાયદો થાય તેમ છે. યોગ, પ્રાણાયામ અને મેડિટેશન સૌથી વધુ ફાયદો કરે છે. તેનો સૌથી વધુ પ્રચાર થવો જોઈએ પરંતુ આની સાથે આયુર્વેદનો ઉપયોગ કરવામાં આવે તેમાં કંઈ ખોટું નથી. ગંભીર અકસ્માતમાં ઘવાયેલા માનવીને તાત્કાલિક સારવાર આપવા માટે ઓર્થોપેડિકસની આધુનિક સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવે તે પણ એટલું જ ઉપયોગી છે.


**કેટલાક સંશોધકોનું માનવું છે કે જવારાનું કાયમ સેવન કરવાથી શરીરમાં જીનેટિક ફેરફારો શક્ય છે. તે વંશીય ગુણદોષને બેલેન્સ કરી શકે છે. ઘઉંના જવારા એ વાસ્તવમાં ઘાસ જ છે જે તૃણવંશની વનસ્પતિ છે. વિશ્વભરમાં ઘાસની અંદાજિત ૧૬૦૦ જાતો છે જે પૈકી ભારતમાં દસેક હજાર જાતો જોવા મળે છે. તેમાંની એક જાત એટલે ઘઉં !**

**લેખનો સાર:**

- ઘઉંના જવારાનો રસ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. તેના કેટલાક મુખ્ય ફાયદાઓ નીચે મુજબ છે:
- પોષક તત્વોથી ભરપૂર: ઘઉંના જવારાના રસમાં વિટામિન, ખનિજો, એમિનો એસિડ અને એન્ઝાઇમ્સ જેવા અનેક આવશ્યક પોષક તત્વો હોય છે.
- રક્ત શુદ્ધિકરણ: તેમાં ક્લોરોફિલનું પ્રમાણ વધારે હોવાથી તે લોહીને શુદ્ધ કરવામાં મદદ કરે છે.
- પાચન સુધારે: ઘઉંના જવારાનો રસ પાચન સુધારવામાં અને કબજિયાત દૂર કરવામાં મદદરૂપ થાય છે.
- રોગપ્રતિકારક શક્તિ વધારે: તેમાં રહેલા એન્ટીઓક્સીડેન્ટ્સ રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે.
- ડિટોક્સિફિકેશન: તે શરીરમાંથી ઝેરી પદાર્થોને દૂર કરવામાં મદદ કરે છે.
- વજન ઘટાડવામાં મદદરૂપ: ઘઉંના જવારાનો રસ મેટાબોલિઝમ વધારે છે અને વજન ઘટાડવામાં મદદ કરે છે.
- ત્વચા અને વાળ માટે ફાયદાકારક: તે ત્વચા અને વાળને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે.

**ખાસ નોંધ: આ લેખ માત્ર સામાન્ય માહિતી માટે જ છે. નિષ્ણાંતની સલાહ મુજબ આ માહિતીનો ઉપયોગ કરવો હિતાવહ છે.**

## શબ્દ સંજોગ-૧૯૬૭



**આડી ચાવી :**
(૧) સુફી સંત મોઈનુદીન ચિશ્તીની દરગાહના દર્શન જવા અહીં જવુ પડે (૪)
(૪) પરસ્ત્રી સાથે પ્રીતિ કરનાર (૨)
(૬) એક રાશિ (૩)
(૮) ભીડ, મેદની (૨)
(૧૦) માગવા જતા જાચક રોજ સંભાળવે છે તે ઉક્તિ (૩)
(૧૩) 'પાપડ' થયો આવડો-અવળો (૩)
(૧૬) જેવી.... તેવી સૃષ્ટિ (૨)
(૧૭) એક પક્ષી (૩)
(૧૮) શરીરમાં આ ન હોય તો શરીર ન ચાલે (૨)
(૨૦) એક ગાયક....મહેમુદ (આ-અ) (૩)
(૨૨) ઘટ, ખોટ (૩)
(૨૩) એક અંગ્રેજી તોલ (૩)
(૨૫) બાબત થઈ અવળી (૩)
(૨૬) તમે...માણસ છો (૩)
(૨૭) બોર (૩)
(૨૮) ચામાં આ તો નાખવી જ પડે (૩)

**ઉભી ચાવી :**
(૧) એક તિથિ (૩)
(૨) ભારતનું એક શહેર (૩)
(૩) એક રાશિ (૨)
(૫) પાસાં ફેંકી ભવિષ્ય જોવાની પધ્ધતિ (૩)
(૭) એક અટક (૨)
(૯) ભૂલ હોય તો....પણ મળે (૩)
(૧૧) જમીનનું એક માપ (૩)
(૧૨) કુદરત (૨)
(૧૪) સ્ત્રીનું એક ઘરેણું (૩)
(૧૫) આંદોલન, ચળવળ (આ-અ) (૩)
(૧૬) મનોબળ તો... જ હોવુ જોઈએ (૨)
(૧૯) સરસામાન (૪)
(૨૧) ભાષાંતર, અનુવાદ (૪)
(૨૨) ક્યારે ? (હિંદી) (૨)
(૨૪) એક કંદ (આ-અ) (૩)
(૨૫) તરજ (૨)
(૨૬) સાહેબ, સરોવર (૨)

## શબ્દ સંજોગ-૧૯૬૬ જવાબ

**આડી ચાવી:** (૧) અર્જુન (૩) અખો (૫) પાયો (૭) મદનિયું (૮) રજ (૯) લવણ (૧૧) આસન (૧૩) વાયું (૧૪) ભાલ (૧૫) ત્રપત (૧૭) રાધા (૧૮) કે (૧૯) વા (૨૦) રીઝ (૨૨) કલમ (૨૪) આશ (૨૫) રકાન (૨૬) વાયન (૨૭) તાણ (૨૮) કરલ (૨૯) કને.
**ઉભી ચાવી:** (૧) અબીલ (૨) નમણ (૩) અનિચ્છા (૪) ખોયું (૫) પારસ (૬) યોજનગંધા (૧૦) વહાલ (૧૧) આયું (૧૨) ક્ષેત્ર (૧૩) વાત (૧૪) ભાખરી (૧૬) પટેલ (૨૧) ઝરણ (૨૨) કનક (૨૩) મવાલ (૨૪) આનક.

# સૌરાષ્ટ્ર માર્કેટયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૪૭૫ |
| ઘઉં લોકવન | ૪૮૫ | ૫૧૫ |
| ઘઉં ટુકડા | ૪૮૨ | ૬૧૧ |
| જુવાર સફેદ | ૭૫૦ | ૯૩૦ |
| તુવેર | ૧૦૫૫ | ૧૪૩૫ |
| ચણા પીળા | ૯૦૦ | ૧૦૪૦ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૧૯૯૦ |
| અડદ | ૧૨૨૧ | ૧૬૪૧ |
| મગ | ૧૩૫૬ | ૧૮૪૫ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૧૩૬૧ |
| વટાણા | ૧૦૦૦ | ૧૬૬૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૦૨ |
| મગફળી જીણી | ૯૩૦ | ૧૨૨૦ |
| તલી | ૧૬૫૦ | ૧૯૯૦ |
| એરંડા | ૧૧૯૦ | ૧૨૩૩ |
| સુવા | ૧૩૨૬ | ૧૪૫૦ |
| સોયાબીન | ૬૯૯ | ૭૮૬ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૨૦ |
| કાળા તલ | ૩૭૫૪ | ૫૪૯૯ |
| લસણ | ૭૫૦ | ૧૨૧૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૭૭૦ |
| મરચા સુકા | ૮૦૦ | ૨૦૦૦ |
| ધાણી | ૧૩૪૫ | ૨૦૧૧ |
| જીરૂ | ૩૫૫૦ | ૪૦૦૦ |
| રાય | ૧૦૫૦ | ૧૨૭૦ |
| મેથી | ૯૬૦ | ૧૩૦૦ |
| અશેરીયો | ૯૭૦ | ૧૧૫૦ |
| કલોંજી | ૩૦૮૫ | ૩૪૧૦ |
| રાયડો | ૯૭૦ | ૧૦૬૦ |
| ગુવારનું બી | ૯૩૦ | ૯૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૮૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૧૨૦૦ | ૨૬૦૦ |
| તરબુચ | ૨૦૦ | ૪૦૦ |
| બટેટા | ૧૦૦ | ૨૯૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૮૫ |
| ટમેટા | ૧૦૦ | ૨૪૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૪૦૦ |
| સકરીયા | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૩૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૪૦ | ૧૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૬૦૦ |
| ટીંડોળા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૩૦૦ | ૫૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૧૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૬૦૦ | ૮૦૦ |
| તુવેરસીંગ | ૩૦૦ | ૬૦૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૦૦ | ૩૦૦ |
| મેથી | ૨૦૦ | ૩૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૫૦ |
| આદુ | ૯૦૦ | ૧૧૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૭૦૦ |
| લસણ લીલું | ૪૦૦ | ૧૦૦૦ |
| મકાઇ લીલી | ૧૨૦ | ૧૬૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૯૪૦ | ૧૪૯૫ |
| શિંગ મઠડી | ૮૪૦ | ૧૦૫૦ |
| શિંગ મોટી | ૮૧૦ | ૧૦૯૦ |
| શિંગદાણા ફાડા | ૯૮૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૧૯૮૫ |
| તલ | ૪૧૫૦ | ૪૭૦૦ |
| તલ | ૨૨૦૦ | ૨૨૦૦ |
| જુવાર | ૫૦૦ | ૧૦૧૦ |
| ઘઉં ટુકડા | ૪૮૯ | ૬૫૩ |
| ઘઉં લોકવન | ૪૫૪ | ૫૨૯ |
| અડદ | ૧૦૦૦ | ૧૧૦૧ |
| ચણા | ૮૦૦ | ૧૦૧૬ |
| દેશી ચણા | ૧૦૦૩ | ૧૧૨૦ |
| સફેદ ચણા | ૧૦૧૦ | ૧૦૮૬ |
| તુવેર | ૮૫૦ | ૧૩૮૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૧૬ |
| જીરૂ | ૨૪૦૦ | ૪૦૧૦ |
| રાયડો | ૮૦૦ | ૧૦૩૬ |
| ધાણા | ૧૦૦૦ | ૧૭૧૫ |
| ધાણી | ૯૯૦ | ૨૧૬૦ |
| અજમા | ૧૪૦૦ | ૧૭૨૦ |
| મેથી | ૬૦૦ | ૭૩૮ |
| સોયાબીન | ૬૦૦ | ૭૩૮ |
| મરચા લાંબા | ૩૦૦ | ૩૦૮૦ |
| મરચા દેશી | ૧૧૨૦ | ૪૭૫૦ |
| કાંગ | ૫૭૦ | ૫૭૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૨૦ | ૩૨૦ |
| રીંગણાં | ૧૦૦ | ૨૦૦ |
| ફુલાવર | ૧૨૦ | ૧૬૦ |
| કોબીજ | ૬૦ | ૮૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૧૫૦ | ૨૦૦ |
| સુરણ | ૯૦૦ | ૧૧૦૦ |
| ગાજર | ૨૦૦ | ૨૪૦ |
| દૂધી | ૧૬૦ | ૨૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| મુળા | ૨૦૦ | ૨૪૦ |
| કાકડી | ૩૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૦૦ |
| વટાણા | ૬૦૦ | ૮૦૦ |
| ચોળા લીલાં | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૬૦૦ |
| શક્કરટેટી | ૨૦૦ | ૩૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૧૦૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૩૦૦ | ૪૦૦ |
| ફુદીનો | ૩૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૫૦ | ૨૦૦ |
| સરગવો | ૧૦૦ | ૩૦૦ |
| લીમડો મીઠો | ૨૩૦ | ૩૫૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સૂકી | ૨૪૦ | ૨૭૦ |
| લસણ લીલુ | ૯૦૦ | ૧૫૦૦ |
| લસણ સુકુ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| મકાઈ | ૧૦૦ | ૧૬૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૬૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૫૧ | ૧૪૮૧ |
| ઘઉં લોકવન | ૪૧૧ | ૫૭૮ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૭૧૧ |
| મગફળી જીણી | ૮૧૧ | ૧૦૮૧ |
| સિંગ ફાડીયા | ૭૮૧ | ૧૩૪૧ |
| એરંડા / એરંડી | ૧૧૦૧ | ૧૨૫૬ |
| ધાણા | ૮૫૧ | ૨૦૭૬ |
| મરચા સૂકા પટ્ટો | ૭૦૧ | ૫૬૦૧ |
| લસણ સુકું | ૬૪૧ | ૧૩૦૧ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૩૬૬ |
| અડદ | ૯૦૧ | ૧૬૬૧ |
| તુવેર | ૯૫૦ | ૧૪૦૧ |
| રાય | ૯૧૧ | ૧૧૩૧ |
| મેથી | ૯૧૧ | ૧૨૪૧ |
| કાંગ | ૬૪૧ | ૭૦૧ |
| મરચા | ૫૦૧ | ૨૬૫૧ |
| મગફળી જાડી | ૬૯૧ | ૧૧૫૧ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૮૫૧ |
| તલ - તલી | ૧૫૮૧ | ૧૯૫૧ |
| ધાણી | ૯૫૧ | ૨૩૫૧ |
| ડુંગળી સફેદ | ૧૪૦ | ૨૧૨ |
| જુવાર | ૭૫૧ | ૧૦૦૧ |
| મગ | ૧૨૨૧ | ૧૨૨૧ |
| ચણા | ૯૫૦ | ૧૦૨૧ |
| વાલ | ૯૫૧ | ૧૩૩૧ |
| ચોળા / ચોળી | ૧૯૩૧ | ૧૯૩૧ |
| સોયાબીન | ૬૮૬ | ૭૭૧ |
| ગોગળી | ૮૮૧ | ૯૮૧ |
| વટાણા | ૧૪૦૧ | ૧૪૦૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦ | ૨૦૦ |
| મરચા | ૨૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૭૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૨૦ | ૩૦૦ |
| દુધી | ૨૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૧૬૦ | ૧૦૦૦ |
| કાકડી | ૪૦ | ૫૦૦ |
| રીંગણા | ૪૦ | ૩૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૮૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૨૦ | ૨૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| તુવેર | ૪૦૦ | ૫૦૦ |
| વાલ | ૬૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૫૨૦ | ૯૦૦ |
| શક્કરીયા | ૨૨૦ | ૩૦૦ |
| કેરી કાચી | ૬૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૨૨૦ | ૩૪૦ |
| ડુંગળી પુરા | ૮ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૧ | ૩ |
| કોથમીર પુરા | ૮ | ૧૪ |
| ફોદીનો પુરા | ૨ | ૪ |
| પચકારુ | ૩૦૦ | ૫૦૦ |
| ચ્રૂણ | ૮૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૨૬૦૦ |
| મેથી પુરા | ૧ | ૬ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૧૫ | ૨૦ |
| ચોરા | ૨૨૦ | ૮૦૦ |
| કારેલા | ૧૦૦ | ૮૦૦ |
| વાલોર | ૪૦ | ૭૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૧૬૦ |
| લસણ પુરા | ૧૦ | ૨૦ |
| પાલક પુરા | ૧ | ૩ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૧૫ | ૧૪૯૫ |
| કપાસ મીડીયમ | ૧૧૫૫ | ૧૩૭૫ |
| મગફળી | ૯૯૫ | ૧૦૧૫ |
| ચણા | ૯૮૩ | ૧૦૦૭ |
| જીરૂ | ૩૪૧૫ | ૩૯૬૫ |
| ઘઉં | ૪૯૩ | ૫૫૭ |
| તુવેર | ૧૧૯૦ | ૧૩૪૦ |
| ધાણા | ૧૨૦૫ | ૧૭૩૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૭૩ |
| ઘઉં લોકવન | ૪૬૫ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૫૦ |
| ચણા | ૮૧૫ | ૯૮૫ |
| સોયાબીન | ૬૪૦ | ૭૦૧ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૬૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૩૪૫ |
| બાજરી | ૪૮૦ | ૪૮૦ |
| મેથી | ૧૦૦૯ | ૧૦૦૯ |
| લસણ | ૮૧૦ | ૮૧૦ |
| વરીયાળી | ૧૧૩૦ | ૧૧૩૦ |
| સોયાબીન | ૬૪૦ | ૭૦૧ |
| મગફળી | ૮૫૧ | ૮૫૧ |
| ચણા છોલે | ૧૩૨૦ | ૧૩૨૦ |
| શીંગફાડા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| રાયડો | ૭૪૦ | ૭૪૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૦૫ | ૧૨૯૫ |
| મગફળી | ૮૬૫ | ૧૦૨૫ |
| ઘઉં લોકવન | ૪૧૯ | ૪૭૮ |
| ચણા | ૯૪૯ | ૧૦૧૧ |
| તુવેર | ૧૧૫૦ | ૧૩૫૧ |
| ધાણા | ૧૧૦૦ | ૧૩૫૫ |
| મેથી | ૧૦૭૬ | ૧૦૭૬ |
| એરંડા | ૧૧૪૫ | ૧૧૪૫ |
| સોયાબીન | ૬૦૦ | ૭૦૦ |
| મગ | ૧૨૧૫ | ૧૨૧૫ |
| અડદ | ૧૫૬૦ | ૧૫૬૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૫૬ |
| ચણા | ૯૬૦ | ૧૦૦૫ |
| અડદ | ૧૧૫૧ | ૧૧૫૧ |
| સોયાબીન | ૬૯૫ | ૬૯૫ |
| તુવેર | ૧૧૦૧ | ૧૨૪૧ |
| ધાણા | ૧૧૯૧ | ૧૧૯૧ |
| મેથી | ૬૦૦ | ૬૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૭૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૧૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૧૦ |
| મગફળી | ૬૦૦ | ૯૭૦ |
| તલ | ૧૦૦૦ | ૧૮૫૧ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૦૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૨૫ |
| સોયાબીન | ૬૦૦ | ૭૨૦ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૭૧ |
| શીંગ જીણી | ૯૫૦ | ૧૦૩૦ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૭૦ |
| તલ | ૧૮૧૮ | ૧૮૭૫ |
| જીરૂ | ૩૩૦૦ | ૪૦૦૦ |
| ઘઉ લોકવન | ૪૫૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૭૦ |
| જુવાર | ૪૦૦ | ૭૦૨ |
| અડદ | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ચણા | ૯૮૦ | ૧૦૪૮ |
| દેશી ચણા | ૧૦૫૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૦૦ |
| એરંડી | ૧૦૦ | ૧૨૫૦ |
| રાય/રાયડો | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૧૨૦ | ૧૯૦૦ |
| સોયાબીન | ૬૦૦ | ૭૨૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૪૬ |
| કપાસ સીગ્રેડ | ૬૫૦ | ૯૪૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જીરુ૦ | ૧૦૦૦ | ૧૧૧૭ |
| મગફળી ૩૨નં | ૯૭૦ | ૧૦૨૧ |
| બાજરો | ૪૫૦ | ૫૮૮ |
| ઘઉં | ૪૭૧ | ૫૮૧ |
| રાય | ૯૫૦ | ૧૦૩૬ |
| રાયડો | ૯૨૫ | ૧૦૨૪ |
| મેથી | ૮૫૦ | ૧૦૩૪ |
| જુવાર | ૩૫૦ | ૯૨૮ |
| અડદ | ૧૩૦૦ | ૧૮૦૫ |
| મગ | ૧૨૫૦ | ૧૬૮૦ |
| એરંડા | ૧૦૨૫ | ૧૧૮૧ |
| ચણા | ૮૭૦ | ૧૦૦૬ |
| સોયાબીન | ૬૫૦ | ૭૫૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૩૪૫ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| **રાજુલા** | | |
| મગફળી | ૯૪૦ | ૧૦૧૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૧૯૫૦ |
| તલ કાળા | ૩૮૫૦ | ૩૮૫૦ |
| તલ પીળા | ૨૧૫૦ | ૨૨૪૦ |
| કપાસ | ૧૨૬૦ | ૧૪૮૦ |
| બાજરો | ૫૦૦ | ૬૧૧ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૯૦ |
| જુવાર | ૭૫૦ | ૯૦૦ |
| અડદ | ૧૦૦૧ | ૧૧૦૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૩૩૦ |
| ચણા | ૭૦૦ | ૧૦૫૦ |
| જીરૂ | ૩૫૫૧ | ૩૫૫૧ |
| રાય | ૧૦૫૧ | ૧૦૭૦ |
| એરંડા | ૧૧૨૫ | ૧૧૫૪ |
| સોયાબીન | ૭૦૦ | ૭૩૦ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૯૪૧ | ૧૦૪૬ |
| શીંગ જી-૨૦ | ૧૦૪૧ | ૧૦૪૧ |
| જુવાર | ૪૦૦ | ૯૧૯ |
| બાજરી | ૫૮૮ | ૬૪૬ |
| ઘઉં ટુકડા | ૪૧૧ | ૬૦૪ |
| મકાઈ | ૬૨૮ | ૬૨૮ |
| અડદ | ૮૫૦ | ૧૧૫૧ |
| ધાણા | ૭૦૦ | ૭૦૦ |
| મેથી | ૮૮૦ | ૧૦૩૧ |
| ચણા નં.૩ | ૯૫૧ | ૧૦૧૪ |
| ચણા દેશી | ૧૦૪૩ | ૧૧૦૫ |
| તલ સફેદ | ૧૯૫૧ | ૨૧૨૨ |
| તુવેર | ૫૮૦ | ૧૨૯૫ |
| જીરૂ | ૩૯૩૫ | ૪૧૩૫ |
| ડુંગળી લા. દેશી | ૧૨૫ | ૩૨૬ |
| ડુંગળી ગુ. માઈક્રો | ૧૬૫ | ૨૩૭ |
| ડુંગળી સ. ડી. | ૨૬૮ | ૩૩૦ |
| નાળીયેર | ૧૩૦૬ | ૨૩૬૦ |

★ ખેડૂતભાઈઓ માટે ★
જીપ્સમ
દહેજ તથા વડોદરાનું મટીરીયલ્સ
લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ :
● એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ
● એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા
તે મુજબ હોમ ડીલીવરી લોડીંગ ૨૫થી ૪૦ ટન સુધી
ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સુત્ર :
મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા
મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed a t Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# લીલીયાનાં મોટા કણકોટ ગામે શોર્ટ સર્કિટથી ૯ ખેડૂતોનાં ઘઉં બળીને ખાખ

**લાખો રૂપિયાનાં ઘઉં બળી જતાં ટીડીઓને રજૂઆત કરાઈ**



અમરેલી, તા.૧૭

લીલીયા તાલુકાનાં મોટા કણકોટ ગામે ૧૧ કે.વી. વીજલાઈનમાં શોર્ટસર્કિટ થતાં ૯ જેટલા ખેડૂતોનાં ઘઉં બળીને ખાખ થઈ ગયા હતા. આ અંગે સરપંચે ટીડીઓને નુકસાની અંગે રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે, મોટા કણકોટ ગામે વીજલાઈનમાં શોર્ટસર્કિટ થતાં ગોરધન પોપટ સોજીત્રા, નારણ દેવચંદ સોજીત્રા, લાલજીભાઈ આણંદભાઈ દુધાત, વિનુભાઈ તથા કિશોરભાઈ રવજીભાઈ દુધાત, કરશન ભીખા દુધાતનાં ખેતરમાં આવેલ ઝૂંપડી, લાકડાં બળીને ખાખ થઈ ગયા હતા. સવજીભાઈ વલ્લભાઈ સાંગાણી અને અશોક સવજી દુધાતનાં ખેતરમાં વાવેલા ઘઉં બળીને ખાખ થઈ ગયા હતા. ઘઉંમાં આગ લાગતા ખેડૂતોને લાખો રૂપિયાનું નુકસાન થયું છે. મહામહેનતે વાવેતર કરેલા ઘઉં બળી જતાં ખેડૂતોને આર્થિક નુકસાની સહન કરવાનો વારો આવ્યો છે. ખેડૂતોને નુકસાન થતાં મોટા કણકોટ ગામના સરપંચે તાલુકા વિકાસ અધિકારીને પત્ર પાઠવ્યો છે. જોકે આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

# મહેસાણાના બોરીસણામાં પતિએ પત્ની સાથે વાત કરતા બે મિત્રોને ઘેનની દવા આપી મોતને ઘાટ ઉતાર્યા



(એચ.એસ.એલ),મહેસાણા,તા.૧૭

કલોલ તાલુકાના બોરીસણા ગામે રહેતો યુવક ભાભર પાસે આવેલ એક ગામમાં રહેતી મહિલા સાથે વાત કરતો હતો જેથી તેના પતિએ વહેમ રાખી યુવકને અને તેના મિત્રને ભોજનમાં ઘેનની ગોળીઓ નાખી બેભાન કરી દીધા હતા ત્યારબાદ બંનેને શેરીસા પાસેની કેનાલમાં નાખી દીધા હતા. જેમાં યુવકની લાશ કડી પાસેની કેનાલમાંથી મળી આવી હતી અને તેના મિત્રની શોધખોળ હાથ ધરવામાં આવી છે. બનાવ અંગે પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે. કલોલ પાસેના બોરીસણા ગામે રહેતા દશરથ સોમાજી ઠાકોર પોતાની કારમાં તેમના મિત્ર ગિરીશને લઈને ઘરેથી નીકળ્યા હતા. તેઓ ઘરે કહીને નીકળ્યા હતા કે મહેસાણા ખાતે પૈસા આપવા જવાનું છે અને રાત્રિના ત્રણેક વાગે આવશે. તેમ કહીને તેઓ નીકળ્યા હતા. ત્યારબાદ ઘર વાળાઓએ તેમનો સંપર્ક કરતા તેમનો સંપર્ક થઈ શકતો ન હતો અને તેમનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ આવતો હતો જેથી તેમની શોધખોળ હાથ ધરવામાં આવી હતી અને તેમના ગુમ થવા અંગે કલોલ તાલુકા પોલીસ મથકમાં જાણ કરવામાં આવી હતી.

# અકસ્માતે મૃત્યુ પામનાર ખેડૂતોને સા.કુંડલા યાર્ડ દ્વારા સહાય અર્પણ

અમરેલી, તા.૧૭



સરકારની વીમા નીતિ અન્વયે વીમા કંપની તરફથી વિવિધ પ્લાન પૈકી જનતા પર્સનલ એક્સિડન્ટ પોલીસી અન્વયે અકસ્માતથી મૃત્યુ પામનાર કાનાતળાવ ગામના ખેડૂત સ્વ. અનીલભાઈ કનુભાઈ શીંગાળાના વારસદાર રીમાબેન અનીલભાઈ શિંગાળાને રૂા.૧,૦૦,૦૦૦/- તથા નેસડી ગામના ખેડૂત સ્વ. વિનુભાઈ જીવરાજભાઈ કથીરીયાના વારસદાર નયનાબેન વિનુભાઈ કથીરીયાને રૂા.૧,૦૦,૦૦૦/- નો ચેક સાવરકુંડલા એ.પી.એમ.સી.ના ચેરમેન દિપકભાઈ માલાણી તથા વા.ચેરમેન મહેશભાઈ લાખાણીના હસ્તે અર્પણ કરવામાં આવેલ હતો.

# કેન્દ્રીય જળમંત્રી સી.આર. પાટીલને જન્મદિનની શુભેચ્છા આપતા દિલીપ સંઘાણી



અમરેલી, તા.૧૭

ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલનાં જન્મદિન નિમિત્તે ભાજપ આગેવાનો અને કાર્યકરોએ શુભકામનાનો ધોધ વરસાવ્યો હતો. ત્યારે સહકારી આગેવાન અને ઈફકોનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ નવી દિલ્હી ખાતે કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલને રૂબરૂ જઈ જન્મદિનની શુભકામના પાઠવી હતી. આ તકે ઈફકોનાં ડાયરેકટર ભાવેશ રાદડીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલા વીરદાદા જસરાજ સેના ટ્રસ્ટને બે ઓક્સિજન બાટલાનું દાન

સાવરકુંડલા,તા.૧૭



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા વીરદાદા જસરાજ સેના ટ્રસ્ટમાં અમદાવાદના પંકજકુમાર માનસેતા દ્વારા આ ટ્રસ્ટને બે ઓક્સિજન મશીન આપેલ જેનાથી અમુક ઈમર્જન્સી કેસમાં અને લોકોને સેવા માટે ખૂબ સરળતા થશે અને ઓક્સિજનના બાટલા લેવા જવાનું તેમજ ભરવા જવામાંથી રાહત મળશે તેવું જસરાજ સેનાના પ્રમુખ હિતેશ સરૈયાએ જણાવ્યું હતું. ત્યારે શ્રી વીરદાદા જસરાજ સેના ટ્રસ્ટ સાવરકુંડલાએ પંકજભાઈ માનસતાનો ખુબ ખુબ આભાર માન્યો હતો.

# આગામી રવિવારે ગુજકેટની પરીક્ષા યોજાશે

**વિદ્યાર્થીઓએ પરીક્ષાલક્ષી માર્ગદર્શન અને કાઉન્સેલિંગ માટે તજજ્ઞોનો સંપર્ક કરવો**

અમરેલી,તા.૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ ગાંધીનગર દ્વારા આગામી તા.૨૩ માર્ચ, ૨૦૨૫ને રવિવારના રોજ સવારે ૧૦ થી સાંજે ૪ વાગ્યા સુધી ગુજકેટ પરીક્ષા-૨૦૨૫ યોજાશે. આ પરીક્ષા અંગે પરીક્ષાર્થીઓને ડર હોય તો તેમનો ડર દૂર થઈ શકે, તેમને પરીક્ષાલક્ષી મૂંઝવણ હોય તો તેમને પરીક્ષાલક્ષી માર્ગદર્શન મળી રહે, તેમને યોગ્ય કાઉન્સેલિંગ મળી રહે તે માટે વિવિધ તજજ્ઞોને પરીક્ષાને લગતી બાબતે વિદ્યાર્થીઓનું કાઉન્સેલિંગ કરવા અમરેલી જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. ગુજકેટ પરીક્ષા-૨૦૨૫ બાબતે માર્ગદર્શન અને કાઉન્સેલિંગ માટે વિદ્યાર્થીઓએ, શાખપુર સરકારી માધ્યમિક શાળા એસ.એમ. ગોયાણી (મો.નં. ૯૪૨૮૯ ૬૯૬૯૭), દેરડી જાનબાઈ સરકારી માધ્યમિક શાળા એન. જે.કારિયા (મો.નં.૯૪૨૯૦ ૯૪૬૦૬), લાલકા સરકારી માધ્યમિક શાળા એચ. બી. બોરસાણિયા (મો.નં. ૯૯૦૯૯ ૧૪૨૮૫), લીલીયા મોટા સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળા દીપકભાઈ મકવાણા (મો.નં. ૮૭૮૦૫ ૭૧૦૪૩), ખાંભા સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળા ધવલભાઈ અગ્રાવત (મો.નં. ૮૫૧૧૧ ૪૦૭૭૩) નો સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા શિક્ષણ કચેરીની યાદીમાં જણાવાયુ છે.

# કોડીનાર અનુ. જાતિ સમાજે સ્કૂલ ઓફ સાયન્સ સામે પગલાં ભરવા મામલતદારને પાઠવ્યું આવેદન

ઉના, તા.૧૭



ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના આલીદ્રા ગામના રહીશ, વાળા પ્રવીણભાઈ વિરજીભાઈ, જેમનો પુત્ર વાળા જેમીન પ્રવીણભાઈ રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ખંભાળા ગામ સ્કૂલ ઓફ સાયન્સ (SOS) નામે ઓળખાતી સંસ્થામાં છેલ્લા પાંચ વર્ષથી અભ્યાસ કરે છે. હાલમાં જેમીન ધોરણ ૧૨ સાયન્સમાં ભણતો હતો. બનાવની વિગત મુજબ ગત તા-૦૯/૦૩/૨૦૨૫ રાત્રીના સમયે ૧૨ વાગ્યા આસપાસ તેની સાથે અભ્યાસ કરતા સહપાઠીઓએ તેમને રૂમમાં બોલાવીને સાત થી આઠ વિદ્યાર્થીઓએ તેને નિર્વસ્ત્ર કરી અમાનુષી રીતે પટ્ટા વડે અને ઢીકાપાટુ વડે જાનવરની જેમ ઢોર માર માર્યો હતો. બનાવ અંગે શાળા મેનેજમેન્ટ તથા ટ્રસ્ટી ગણ સ્ટાફ તરફથી એવું કહેવામાં આવેલ કે આ ઘટનાની કોઈને વાત કરવી નહિ કે વાલીને ફોન પણ કરવો નહિ. ધોરણ ૧૨ની પરીક્ષા પૂર્ણ થતા જેમીને તેના પિતાને જાણ કરેલ, પરંતુ મેનેજમેન્ટ કે ટ્રસ્ટી તરફથી વાલીને કોઈ જાણ કરવામાં આવી નહોતી. જેથી કોડીનાર અનુસૂચિત જાતિ સમાજ દ્વારા સ્કૂલ ઓફ સાયન્સ સામે પગલાં ભરવા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# ગુજરાતના સંવેદનશીલ કેસ લડી રહેલા હાઈકોર્ટના વકીલને મારી નાખવાની ધમકી

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૧૭

અમદાવાદમાં ગુજરાત હાઈકોર્ટના વકીલને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. હાઈકોર્ટના વકીલ ઉત્કર્ષ દવેને અજાણ્યા ઈસમે ફોન પર અપશબ્દો બોલીને મારી નાખવાની ધમકી આપી છે. વકીલને આ ઉપરાંત વારંવાર વિદેશી નંબર પરથી ધમકી મળી રહી છે. ગુજરાતના ઘણા સંવેદનશીલ કેસમાં ઉત્કર્ષ દવે વકીલ છે. આ સંવેદનશીલ કેસોમાં તે સંકળાયેલા હોવાના લીધે તેમને આ ધમકી આપવામાં આવી હોવાનું મનાય છે. આ ધમકીના પગલે વકીલ ઉત્કર્ષ દવેએ મણિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. હાઈકોર્ટના વકીલ ઉત્કર્ષ દવેએ સ્થિતિની ગંભીરતા સમજીને ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ અને પોલીસ કમિશનરને પણ ધમકી અંગે અરજી આપી છે.


## -//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//-

જન્મ નોંધ અરજી રજી.નં.૨૪/૨૦૨૫

**અરજદાર :-** (૧)શ્રી ભારતીબેન દિનકરાય ભટ્ટ
રે.સરદાર ચોક, પોલીસ સ્ટેશન પાસે, રામકલોથ સ્ટોરની ઉપર, બારડોલી
તા.બારડોલી જી.સુરત પીન-૩૯૪૬૦૧
(૨) અરજદારના વકીલશ્રી મનોજભાઈ નટવરલાલા દવે
ઠે.દેવ કોર્પોરેટ, બસ સ્ટેશન પાસે, લીલીયા મોટા, અમરેલી મો.૯૪૨૬૭ ૧૬૪૨૫

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી - વ - જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,ગ્રામ પંચાયત કચેરી,બવાડી
તા.લીલીયા,જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના બવાડી ગામના રહીશ શ્રી ભારતીબેન દિનકરરાય ભટ્ટએ તેમના પોતાનો જન્મ બવાડી મુકામે તા.૦૮/૦૭/૧૯૬૮ના રોજ થયેલ છે.જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી ભારતીબેન દિનકરરાય ભટ્ટના પોતાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૬૮ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા,જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૨૫/૦૩/૨૦૨૫ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૫/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**



## -//મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં//-
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/ અરજી નં.૦૬/૨૦૨૫

અરજદારશ્રીઃ- .. ૧.રવજીભાઈ નાગજીભાઈ માંગુકીયા
રે.બાઢડા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ-........ ૧.તકમ શ્રી બાઢડા તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતાશ્રી અંબાબેન નાગજીભાઈ માંગુકીયાનું મરણ તા.૨૮/૦૨/૨૦૧૩ ના રોજ મુ.બાઢડા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૫/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહીં તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**



## શ્રી મજાદર પ્રા. શાળા

તા.રાજુલા, જિ.અમરેલી

**જાહેર હરરાજી**

આથી રસ ધરાવતી પાર્ટીઓને આ નિવિદાથી જાણ કરવામાં આવે છે કે રાજુલા તાલુકાની શ્રી મજાદર પ્રા. શાળાના પાંચ સ્લેબવાળા વર્ગખંડો, એક મધ્યાહન ભોજન રૂમ અને એક સેનિટેશન તથા કમ્પાઉન્ડ વોલનાં ઈમલાની જાહેર હરરાજી તારીખ :- ૨૦/૦૩/૨૦૨૫ ને ગુરૂવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

તો રસ ધરાવતી પાર્ટીઓને સમયસર હાજર રહેવા આ નિવિદાથી જાણ કરવામાં આવે છે. આ ચારેય ની અપસેટ પ્રાઈઝ તાલુકા પંચાયતના એસ.ઓ દ્વારા રૂા.૪૮૦૦૦/- અંકે રૂપિયા અડતાલીસ હજાર રૂપિયા નકકી કરેલ છે. માટે હરરાજીની બોલી ૪૮૦૦૦/- હજારથી સરૂ કરવામાં આવશે. હરરાજીમાં ભાગ લેનાર પાર્ટીએ રૂા.૫૦૦૦/- ડિપોઝીટ ભરીને જ બોલીમાં ભાગ લઈ શકશે. જેની તમામને જાણ કરવામાં આવે છે.

**હરરાજીની શરતો અને નિયમો રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.**

**હરરાજી અંગેની તમામ સત્તા કમિટીની રહેશે**

હરરાજી તા.:- ૨૦/૦૩/૨૫, ગુરૂવાર
સમય :- ૧૧:૦૦ કલાકે
સ્થળ :- શ્રી મજાદર પ્રા. શાળા

સભ્ય સચિવ
સ્કુલ મેનેજમેન્ટ કમિટી
મજાદર, તા. રાજુલા



## -//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//-

જન્મ નોંધ અરજી રજી.નં.૨૦/૨૦૨૫

**અરજદાર :-** (૧)શ્રી વેલજીભાઈ જીવરાજભાઈ વાગડીયા
રે.ક્રાંકચ, તા.લીલીયા જી.અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી એસ.પી.ભડકોલીયા
ઠે.વિરામ લાઠી રોડ મુ.તા.લીલીયા મોટા જી.અમરેલી મો.૯૮૯૮૩ ૧૩૮૯૪

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી - વ - જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,ગ્રામ પંચાયત કચેરી,ક્રાંકચ
તા.લીલીયા,જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના ક્રાંકચ ગામના રહીશ શ્રી વેલજીભાઈ જીવરાજભાઈ વાગડીયાએ તેમના ભાણેજનો જન્મ ક્રાંકચ મુકામે તા.૧૫/૦૧/૧૯૮૧ના રોજ થયેલ છે.જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી વેલજીભાઈ જીવરાજભાઈ વાગડીયાના ભાણેજ અનીતા જયંતીભાઈ ઝાલાવાડીયાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૮૧માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા,જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૨૫/૦૩/૨૦૨૫ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૫/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**



## -//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//-

મરણ અરજી રજી.નં.૦૨/૨૦૨૫

**અરજદાર :-** (૧)શ્રી ખુમાણ મનુભાઈ બચુભાઈ
રે.ઢાંગલા, તા.લીલીયા જિ.અમરેલી મો.૯૯૭૮૪ ૬૯૪૯૫
(૨) અરજદારના વકીલશ્રી નરેશકુમાર પી. હેલૈયા
ઠે.પોલીસ સ્ટેશન સામે,મું.તા.લીલીયા મોટા, જી.અમરેલી મો.૯૯૨૫૯ ૩૨૭૨૬

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી - વ - જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,ગ્રામ પંચાયત કચેરી, ખારા
તા.લીલીયા,જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,શ્રી ખુમાણ મનુભાઈ બચુભાઈ રે.ઢાંગલા તા.લીલીયા જિ.અમરેલીના દાદા હાથીભાઈ ભોજભાઈ ખુમાણનું અવસાન ખારા મુકામે તા.૦૪/૦૯/૧૯૫૭ના રોજ થયેલ છે.જેની મરણનોંધણી રજીસ્ટરમાં તેમના મરણની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે.જેની નોંધણીની માંગણી કરતા તે બદલ સામાવાળાએ મરણનોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે,અરજદારશ્રીના દાદા સ્વ.હાથીભાઈ ભોજભાઈ ખુમાણના મરણ નોંધ સને-૧૯૫૭ માં થયેલ નથી. હાલ સરકારી કામે જરૂરીયાત ઉભી થતા,જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે.તો આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૨૫/૦૩/૨૦૨૫ના રોજ ૧૬:૦૦ કલાકે રાખેલ છે.તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૫/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**



## -:: જાહેર નોટીસ ::-

આથી અમો કેઝાર **શબ્બીરભાઈ ભારમલ,** એડવોકેટ, અમરેલી તે અમારા અસીલ તરફથી મળેલ સુચના અનુસાર આ જાહેર નોટીસથી તમામ લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવીએ છીએ કે, અમારા અસીલ અમરેલી તાલુકાના મોજે. ગામ **અમરેલી** ગામે ગામતળમાં ટાવર પાસે, બાલાજી હનુમાનવાળી ગલીમાં આવેલ રહેણાંક મકાન **ટીકા નં.૩/૩ સી.સ.નં. ૧૨૭ પૈકી (પુર્વ તરફનો ભાગ) જેનુ ક્ષેત્રફળ ૧૮૪-૮૭ ચો.મી.,** વાળી મિલ્કત **હાજીયુસુફભાઈ હાજીજહાંગીરભાઈ કુરેશી** નાં સ્વતંત્ર નામે ચાલે છે. સદરહું રહેણાંક મીલ્કત અમારા અસીલ તેમના માલીક પાસેથી ખરીદ કરવા માંગે છે. તો આ જમીન અંગે માલીકી, કબજા કે ટાઈટલ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય કે આ જમીન ઉપર કોઈનું કોઈપણ પ્રકારનું લેણુ, બોજો, ગીરો કે લોન હોય કે કોર્ટ કેસ કે દરદાવા, હકકહિસ્સા હોય કે અન્ય કોઈપણ પ્રકારની તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ (દસ) માં લેખિત આધાર પુરાવા સાથે અમોને નીચેનાં સરનામે જાણ કરવી. મુદત વિત્યે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે હરકત નથી અથવા હોય તો **જતો (વેઈવ)** કરેલ છે તેમ માની મારા અસીલ ઉપરોકત રહેણાંક મિલ્કત ખરીદ કરી વેચાણ દસ્તાવેજ કરવા અંગેની કાર્યવાહી કરશે. ત્યારબાદ કોઈનો વાંધો કે હરકત મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.

તારીખ :

**અમારા મારફતે**
**કેઝાર એસ. ભારમલ,** એડવોકેટ,
૪/૧ટ્રેડ સેન્ટર, કલેકટર કચેરી પાસે,
અમરેલી. **મો.નં.૯૬૩૮૩-૭૫૩૭૫**

સહી : **(કેઝાર એસ. ભારમલ)**



## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૩૯/૨૦૨૪ તા.૧૫/૦૩/૨૦૨૫

અરજદારશ્રીઃ- .. ૧.ભુપતભાઈ બચુભાઈ મેનિયા
રહે. વંડા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ-........ ૧.તલાટી કમ મંત્રીશ્રી વંડા, તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના બહેન **ચંપાબેન બચુભાઈ મેનિયાનો જન્મ તા.૧૫/૦૬/૧૯૬૧** ના રોજ મુ. વંડા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૫/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# જથ્થાબંધ ફુગાવાના દરમાં વધારોઃ ફેબ્રુઆરીમાં ૨.૩૧%થી વધીને ૨.૩૮%

નવીદિલ્હી, તા.૧૭

ફેબ્રુઆરીમાં જથ્થાબંધ ભાવાંક ફુગાવાનો દર એટલે કે જથ્થાબંધ ફુગાવાનો દર વધીને ૨.૩૮ ટકા થયો હતો. જાન્યુઆરીમાં તે ૨.૩૧ ટકા હતો. સોમવારે જાહેર કરાયેલા સરકારી આંકડામાં આ માહિતી આપવામાં આવી છે. સોમવારે જાહેર કરાયેલા સરકારી આંકડા અનુસાર, ફેબ્રુઆરી, ૨૦૨૫ માં ફુગાવાનો સકારાત્મક દર મુખ્યત્વે ખાદ્ય ઉત્પાદનો, ખાદ્ય ચીજો, અન્ય ઉત્પાદન, બિન-ખાદ્ય ચીજો અને કાપડ ઉત્પાદન વગેરેના ભાવમાં વધારાને કારણે છે. એક સર્વેમાં અર્થશાસ્ત્રીઓએ જથ્થાબંધ ભાવાંક ફુગાવાનો દર ૨.૩૬% રહેવાનો અંદાજ લગાવ્યો હતો. જાન્યુઆરીમાં જથ્થાબંધ ખાદ્ય ફુગાવો ૭.૪૭% થી ઘટીને ગયા મહિને ૫.૯૪% થયો હતો. પ્રાથમિક ચીજવસ્તુઓનો ફુગાવો જાન્યુઆરીમાં ૪.૬૯ ટકાથી ઘટીને ફેબ્રુઆરીમાં ૨.૮૧ ટકા થયો હતો. દરમિયાન, ગયા મહિને



ઈંધણ અને વીજળીના જથ્થાબંધ ભાવમાં ૦.૭૧ ટકાનો ઘટાડો થયો હતો, જે જાન્યુઆરીમાં ૨.૭૮ ટકાનો ઘટાડો હતો. ફેબ્રુઆરીમાં ઉત્પાદિત ઉત્પાદનોના ભાવમાં ૨.૮૬ ટકાનો વધારો થયો છે, જે અગાઉના મહિનામાં ૨.૫૧ ટકા હતો. આ મહિનાની શરૂઆતમાં કેન્દ્ર દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, ફેબ્રુઆરીમાં ભારતનો છૂટક ફુગાવો જાન્યુઆરીમાં ૪.૩૧% થી ઘટીને ૩.૬૧% ના સાત મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયો હતો. આ ઘટાડો મુખ્યત્વે ખાદ્ય પદાર્થોના ભાવમાં ઘટાડાને કારણે થયો હતો, જેમાં ખાદ્ય ફુગાવો - જે ગ્રાહક ભાવ સૂચકાંક બાસ્કેટનો લગભગ અડધો હિસ્સો ધરાવે છે.

# મધ્યપ્રદેશના કોંગી મહિલા નેતાએ ઔરંગઝેબની સરખામણી પરશુરામ સાથે કરતા હોબાળો

જબલપુર,તા.૧૭

ઔરંગઝેબ કેસ શાંત થવાના કોઈ સંકેતો દેખાઈ રહ્યા નથી. આ અસર માત્ર મહારાષ્ટ્રમાં જ નહીં પરંતુ હવે મધ્યપ્રદેશમાં પણ જોવા મળી રહી છે. મધ્યપ્રદેશના જબલપુરથી પણ એક વિવાદાસ્પદ કિસ્સો સામે આવ્યો છે. અહીં કોંગ્રેસના એક મહિલા નેતાએ ભગવાન પરશુરામની સરખામણી ઔરંગઝેબ સાથે કરી છે, જેના પછી રાજકીય વાતાવરણ ગરમાવા લાગ્યું છે. વધતા વિવાદને ધ્યાનમાં રાખીને, કોંગ્રેસે મહિલા નેતા પાસેથી સ્પષ્ટતા પણ માંગી છે. જબલપુરના ભૂતપૂર્વ કોંગ્રેસ જિલ્લા પ્રમુખે ભગવાન પરશુરામની તુલના ઔરંગઝેબ સાથે કરી છે. કોંગ્રેસ નેતાની ફેસબુક પોસ્ટથી હોબાળો મચી ગયો છે. આ પોસ્ટ બાદ બ્રાહ્મણ સમુદાયે પોતાનો વિરોધ નોંધાવ્યો છે. વ્યાપક વિરોધ બાદ કોંગ્રેસે રેખા જૈનને પણ નોટિસ ફટકારી છે. જબલપુર શહેર કોંગ્રેસે



રેખા જૈનને નોટિસ ફટકારી છે અને તેમને ૪૮ કલાકની અંદર માફી માંગવાનો નિર્દેશ આપ્યો છે. બ્રાહ્મણ સમુદાયનો વિરોધ અને કોંગ્રેસ તરફથી નોટિસ મળ્યા બાદ, કોંગ્રેસ નેતા રેખા જૈનનું વલણ ઠંડુ પડી ગયું હતું. કોંગ્રેસના નેતાએ મીડિયા સમક્ષ આવીને માફી માંગી છે. જબલપુર કોંગ્રેસે કહ્યું કે રેખા જૈનના કારણે કોંગ્રેસની ધર્મનિરપેક્ષ છબી ખરડાઈ છે. વાસ્તવમાં, કોંગ્રેસ નેતા રેખા જૈને વાર્તાકાર મનિકા મોહિનીની ફેસબુક પોસ્ટ શેર કરી હતી. આ પછી વિવાદ ફાટી નીકળ્યો હતો. ફેસબુક પોસ્ટમાં ભગવાન પરશુરામની સરખામણી ઔરંગઝેબ સાથે કરવામાં આવી હતી.

# સુપ્રીમ કોર્ટે આરજી કર કેસમાં પીડિતાના માતા-પિતાની અરજી સાંભળવાનો ઈન્કાર કર્યો

નવીદિલ્હી,તા.૧૭

સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળના કોલકાતામાં આરજી કર હોસ્પિટલમાં મહિલા ડોક્ટર પર બળાત્કાર અને હત્યા સંબંધિત અરજી પર સુનાવણી કરવાનો ઈન્કાર કરી દીધો છે. હકીકતમાં, પીડિતાના માતા-પિતાએ નવેસરથી તપાસ માટે કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જેના પર કોર્ટે સુનાવણી કરવાનો ઈન્કાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે કલકત્તા હાઈકોર્ટ આ અરજી પર સુનાવણી કરી શકે છે. સીજેઆઈ સંજીવ ખન્નાએ કહ્યું કે અમે આ મામલે કોઈ ટિપ્પણી કરી રહ્યા નથી. અરજદાર હાઈકોર્ટ સમક્ષ આ મામલો ઉઠાવવા માટે સ્વતંત્ર છે. પીડિતાના માતા-પિતાએ આ કેસમાં અન્ય લોકોની ભૂમિકા શોધવા માટે વધુ તપાસની માંગ કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે પીડિતાના માતા-પિતાએ હાઈકોર્ટમાં આ નવી અરજી દાખલ કરવી જોઈએ. તમારો કેસ ફક્ત હાઈકોર્ટમાં જ રજૂ કરો. અમે અમારા તરફથી આ અરજી પર કોઈ અભિપ્રાય વ્યક્ત કરી રહ્યા નથી.

# વૈષ્ણો દેવી નજીક હોટલમાં દારૂ અને ચિકન પાર્ટીનો આરોપ, ૮ સામે ફરિયાદ નોંધાઈ

જમ્મુ,તા.૧૭

માતા વૈષ્ણો દેવી મંદિરમાં ભક્તોની ભાવનાઓને ઠેસ પહોંચાડનારા ૮ લોકો સામે કટરા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. આ લોકો પર કટરા ખાતે એક હોટલમાં દારૂ પીવાનો આરોપ છે, જ્યારે તેમને અગાઉથી જાણ કરવામાં આવી હતી કે કુટિયા બાજુ દારૂ અને માંસાહારી ખોરાક ખાવા પર સખત





પ્રતિબંધ છે. આરોપીઓમાં ઓરહાન અવત્રામણિ (ઓરી) દર્શન સિંહ, પાર્થ રૈના, ઋતિક સિંહ, રાશિ દત્તા, રક્ષિતા ભાગોલ, શગુન કોહલી અને અનાસ્તાસિયા અરઝામસ્કીનાનો સમાવેશ થાય છે. ૧૫ માર્ચે, આ આરોપીઓએ હોટલ પરિસરમાં દારૂ પીધો હતો, ત્યારબાદ પોલીસે આ મામલાની નોંધ લીધી અને એફઆઈઆર નંબર ૭૨/૨૫ નોંધી. પોલીસે એમ પણ કહ્યું કે મામલાની ગંભીરતાને સમજીને, એસએસપી રિયાસી પરમવીર સિંહે કડક કાર્યવાહીનો આદેશ આપ્યો છે. તેમણે કહ્યું કે ધાર્મિક સ્થળોએ કોઈપણ પ્રકારના નશાકારક પદાર્થો કે દારૂના સેવન પ્રત્યે કોઈ સહનશીલતા રાખવામાં આવશે નહીં. આ ઘટના બાદ, એસપી કટરા, એસડીપીઓ કટરા અને એસએચઓ કટરાની એક ટીમ બનાવવામાં આવી છે, જે આરોપીઓને પકડવા માટે કાર્યવાહી કરી રહી છે. એસએસપી રિયાસીએ જણાવ્યું હતું કે દેશના કાયદાનું ઉલ્લંઘન કરનારા અને જનતાની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડનારાઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

# અમૃતસરમાં મંદિર પર ગ્રેનેડ હુમલાનો આરોપી પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર

ચંદીગઢ,તા.૧૭

અમૃતસરમાં એક મંદિર પર થયેલા ગ્રેનેડ હુમલાનો મુખ્ય આરોપી સોમવારે સવારે પોલીસ એન્કાઉન્ટરમાં માર્યો ગયો. શંકાસ્પદ વ્યક્તિની ઓળખ ગુરસિદક સિંહ તરીકે થઈ છે. અમૃતસરના મંદિર પર ગ્રેનેડ હુમલાના આરોપી ગુરસિદક અને વિશાલ રાજાસાંસી વિસ્તારમાં છુપાયેલા હોવાની માહિતી મળી હતી. પોલીસે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન આરોપીઓનું પોલીસ સાથે એન્કાઉન્ટર થયું. આરોપી ગુરસિદકને એન્કાઉન્ટરમાં ગોળી વાગી હતી. તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં તેનું મૃત્યુ થયું હતું. જ્યારે તેનો સાથી વિશાલ ભાગી જવામાં સફળ રહ્યો. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આરોપી રાજાસાંસી વિસ્તારમાં ફરતો હોવાની ચોક્કસ ગુપ્ત માહિતી મળી હતી. CIA અને છેહરતા પોલીસ કર્મચારીઓની એક ટીમ બનાવવામાં આવી હતી.

# અમેરિકા સામે ખાલિસ્તાની સંગઠન શીખ ફોર જસ્ટિસનો મુદ્દો ઉઠાવતું ભારત

નવીદિલ્હી,તા.૧૭

અમેરિકાના નેશનલ ઈન્ટેલિજન્સ ડિરેક્ટર તુલસી ગબાર્ડની ભારત મુલાકાત દરમિયાન, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે અમેરિકામાં સક્રિય ખાલિસ્તાની સંગઠન 'શીખ્સ ફોર જસ્ટિસ' ની ભારત વિરોધી પ્રવૃત્તિઓનો મુદ્દો ઉઠાવ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતે અમેરિકા પાસેથી આ ગેરકાયદેસર સંગઠન સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. અહેવાલ છે કે સંરક્ષણ પ્રધાને અમેરિકી વહીવટીતંત્રને નક્કર પગલાં લેવા વિનંતી કરી છે. ગબાર્ડ વહેલી સવારે ભારતની અઢી દિવસની મુલાકાતે રાષ્ટ્રીય રાજધાની પહોંચ્યા હતા. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રના કોઈ ઉચ્ચ અધિકારીની આ પહેલી ઉચ્ચ સ્તરીય ભારત મુલાકાત છે. સોમવારે, સંરક્ષણ પ્રધાન




રાજનાથ સિંહ અને યુએસ નેશનલ ઈન્ટેલિજન્સ ડિરેક્ટર તુલસી ગબાર્ડે અનેક મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરી. બેઠક દરમિયાન, સંરક્ષણ અને માહિતી શેરિંગના ક્ષેત્રોમાં ભારત અને અમેરિકા વચ્ચે વ્યૂહાત્મક સંબંધોને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરતા રાજનાથે કહ્યું કે તેઓ યુએસ નેશનલ ઈન્ટેલિજન્સ ચીફને મળીને ખુશ થયા અને તેમણે ભારત-અમેરિકા ભાગીદારીને વધુ મજબૂત બનાવવાના માર્ગો પર ચર્ચા કરી.

# ચંદ્રયાન-૫ મિશનને કેન્દ્ર સરકારની મંજૂરી, જાપાન સાથી બનશે

બેંગ્લોર,તા.૧૭

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો)ના અધ્યક્ષ વી નારાયણને રવિવારે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે ચંદ્રયાન-૫ મિશનને મંજૂરી આપી દીધી છે. ISROના વડા તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ તેઓ બેંગલુરુમાં એક કાર્યક્રમમાં બોલી રહ્યા હતા. તેમણે કહ્યું- માત્ર ત્રણ દિવસ પહેલાં જ અમને ચંદ્રયાન-૫ મિશન માટે



મંજૂરી મળી છે. આમાં જાપાન આપણું સાથી બનશે. ચંદ્રયાન-૩ મિશનમાં ૨૫ કિલોગ્રામનું રોવર (પ્રજ્ઞાન) હતું, જ્યારે ચંદ્રયાન-૫ મિશન ચંદ્રની સપાટીનો અભ્યાસ કરવા માટે ૨૫૦ કિલોગ્રામનું રોવર લઈ જશે. ભવિષ્યના પ્રોજેક્ટ અંગે નારાયણને કહ્યું


**પોતાનું સ્પેસ સ્ટેશન સ્થાપિત કરવાની ભારતની યોજના**

કે ૨૦૨૭માં લોન્ચ થનારા ચંદ્રયાન-૪ મિશનનો હેતુ ચંદ્રની માટીના નમૂનાઓ લાવવાનો છે. ગગનયાન સહિત અનેક મિશન ઉપરાંત અવકાશમાં ભારતનું પોતાનું સ્પેસ સ્ટેશન સ્થાપિત કરવાની યોજનાઓ ચાલી રહી છે.

# રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવા માટે ટ્રમ્પ અને પુતિન વાતચીત કરવા તૈયાર

વોશિંગ્ટન,તા.૧૭

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધનો અંત લાવવા માટે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે વાતચીત થશે. ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફે આ માહિતી આપી છે. તમને જણાવી દઈએ કે ટ્રમ્પે જાન્યુઆરીમાં રાષ્ટ્રપતિ પદ સંભાળ્યા પછી બંને દેશોના નેતાઓ વચ્ચે આ બીજી મુલાકાત હશે.



અમેરિકા રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ પ્રક્રિયા હેઠળ, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન આ અઠવાડિયે વાતચીત કરી શકે છે. ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફે આ માહિતી આપી હતી.

# રાષ્ટ્રપતિ ટ્રમ્પે વેનેઝુએલાની એક ગેંગના ૨૦૦થી વધુ સભ્યોને જેલમાં ધકેલ્યા

વોશિંગ્ટન, તા.૧૭

અમેરિકામાંથી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને બહાર કાઢવાનું કામ મોટા પાયે ચાલી રહ્યું છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ મુદ્દા પર સતત પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે કે તેઓ અમેરિકામાંથી તમામ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને હાંકી કાઢશે. આ ક્રમમાં, ટ્રમ્પના બીજા પગલાની ચર્ચા આખી દુનિયામાં થઈ રહી છે. હકીકતમાં, વેનેઝુએલાની એક ગેંગના ૨૦૦ થી વધુ કથિત સભ્યોને અમેરિકાથી અલ સાલ્વાડોર મોકલવામાં આવ્યા છે. આ લોકોને અહીંની ઉચ્ચ સુરક્ષાવાળી જેલમાં લઈ જવામાં આવ્યા છે. અલ સાલ્વાડોરના રાષ્ટ્રપતિએ પોતે આ માહિતી આપી છે. અલ સાલ્વાડોરના રાષ્ટ્રપતિ નાયબ બુકેલે અહેવાલ આપ્યો છે કે વેનેઝુએલાના ગુનાહિત સંગઠન, ટ્રેન ડી અરાગુઆના ૨૩૮ સભ્યોની પહેલી ટુકડી અલ સાલ્વાડોર પહોંચી ગઈ છે.

# અમેરિકામાં વાવાઝોડા, ધૂળના તોફાનો અને જંગલની આગને કારણે ભારે તબાહી

પીડમોન્ટ,તા.૧૭

અમેરિકાના ઘણા ભાગોમાં વાવાઝોડા અને ભારે પવનને કારણે ઘરો સહિત ઘણી ઈમારતોને ભારે નુકસાન થયું છે અને ઓછામાં ઓછા ૩૭ લોકોનાં મોત થયા છે. રાષ્ટ્રીય હવામાન સેવાના હવામાનશાસ્ત્રી કોડી સ્નેલે જણાવ્યું હતું કે કેરોલિનાસ, પૂર્વી જ્યોર્જિયા અને ઉત્તરી ફ્લોરિડાના કેટલાક ભાગોમાં ટોર્નેડો ચેતવણીઓ હજુ પણ અમલમાં છે.



તેમણે કહ્યું કે મુખ્ય ખતરો વિનાશક પવનો હશે. હવામાનશાસ્ત્રીઓ દ્વારા આ વાવાઝોડાને ઉચ્ચ જોખમી તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે. જોકે, નિષ્ણાતો કહે છે કે માર્ચમાં આવું હવામાન અસામાન્ય નથી. ડલ્લાસ કાઉન્ટી શેરિફ માઈકલ એલ. ગ્રાન્થમે જણાવ્યું હતું કે મધ્ય અલાબામામાં વાવાઝોડાથી ઓછામાં ઓછા ત્રણ લોકો માર્યા ગયા છે. મિઝોરીના રહેવાસી ડાકોટા હેન્ડરસનએ જણાવ્યું હતું કે તેણી અને અન્ય લોકોએ શુક્રવારે રાત્રે વેઈન કાઉન્ટીમાં પડોશીઓની શોધ કરી હતી, જે વાવાઝોડાથી સૌથી વધુ પ્રભાવિત હતું.


## -:: જાહેર નોટીસ ::-

જન્મ/મરણ.પ.અ.નં................/૨૦૨૫

**બાબરાના મહે.શ્રી સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કાર્ટમાં મુ.બાબરા.**

**અરજદાર તર્ફે એડવોકેટ એચ. કે. કોટડીયા રહે. લાઠી.**

અરજદાર ::- **બફલીપરા જયસુખભાઇ બચુભાઇ રહે.ખાખરીયા તા.બાબરા જી.અમરેલી હાલ સુરત**

## -::વિરૂધ્ધ ::-

**સામાવાળા:-જન્મ/મરણ નોંધણી અધિકારી શ્રી ખાખરીયા ગ્રામ પંચાયત કચેરી**

આથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના પુત્ર ખાખરીયા ગામના રહેવાસી છે. અરજદારના પુત્ર **બફલીપરા વિશાલ જયસુખભાઈની** જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદારના પુત્ર **બફલીપરા વિશાલ જયસુખભાઈનો** જન્મ જે તે સમયે ખાખરીયા તા.બાબરા મુકામે જન્મ તારીખ ૧૧ / ૦૬ / ૨૦૦૨ ના રોજ થયેલ છે જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈને વાંધો / તકરાર કે હરકત હોય તેમણે મુદત તા. ૨૦ / ૦૩ / ૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટ બાબરાના મહે.શ્રી ડિવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવારના ૧૨ : ૦૦ કલાકે ઉપસ્થિત રહેવુ તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

**સ્થળ ::- બાબરા**
**તારીખ ::- /03/૨૦૨૫**

શિરીસ્તેદાર ઓફ બાબરા ડિવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી


# આઈપીએલ પહેલા સ્ટાર ખેલાડીઓની ઈજાઓથી ફ્રેન્ચાઈઝીની મુશ્કેલીઓ વધી

મુંબઈ,તા.૧૭

ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૮મી આવૃત્તિ શરૂ થવામાં હવે વધુ સમય બાકી નથી, પરંતુ મુંબઈ ઈન્ડિયન્સ અને લખનૌ સુપરજાયન્ટ્સ સહિત કેટલીક ટીમોના કેમ્પમાં ગભરાટનો માહોલ છે. આનું કારણ એ છે કે લીગની શરૂઆતમાં તેમના સ્ટાર ક્રિકેટરો સંપૂર્ણપણે ફિટ નથી. પાછલી આવૃત્તિઓની જેમ, આ વખતે પણ આઈપીએલ ક્રિકેટરોની ઈજાઓથી ઘેરાયેલી છે. મુંબઈ ઈન્ડિયન્સનો ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ હોય કે લખનૌ સુપરજાયન્ટ્સનો ફાસ્ટ બોલર મયંક યાદવ, ૨૨ માર્ચથી શરૂ થઈ રહેલી લીગના શરૂઆતના તબક્કામાં તેઓ નહીં રમવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, પરંતુ તેઓ લીગમાં રમશે કે નહીં તે હજુ પણ એક મોટો પ્રશ્ન છે. લખનૌના બે અન્ય ઝડપી બોલરો, મોહસીન ખાન અને અવેશ ખાનની ફિટનેસ અંગે પણ કોઈ સ્પષ્ટતા નથી. કોલકાતા નાઈટ રાઈડર્સના ઉમરાન મલિક ઈજાને કારણે બહાર થઈ ગયા છે અને તેમના સ્થાને ચેતન સાકરિયાને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. તે જ સમયે, પંજાબ કિંગ્સના લોકી ફર્ગ્યુસનની ફિટનેસ પણ શંકાના દાયરામાં છે.

# બલુચિસ્તાન પછી હવે ખૈબર પખ્તુનખ્વામાં આતંકવાદી હુમલો, ૩ સુરક્ષાકર્મીઓના મોત

ઈસ્લામાબાદ,તા.૧૭

આતંકવાદને આશ્રય આપતો દેશ પાકિસ્તાન પોતાની જ જાળમાં ફસાઈ ગયો છે. પાકિસ્તાનમાં એક પછી એક આતંકવાદી હુમલાઓમાં સૈનિકો અને નાગરિકો મોતને ભેટી રહ્યા છે. જેના કારણે પાકિસ્તાનના સામાન્ય લોકોમાં ભયનું વાતાવરણ ઉભું થયું છે. પાકિસ્તાનની સેના અને સરકાર હજુ પણ બલુચિસ્તાનમાં આતંકવાદી હુમલાઓનો સામનો



કરી રહી હતી અને હવે ખૈબર પખ્તુનખ્વામાં પણ એક મોટો આતંકવાદી હુમલો થયો છે. આતંકવાદીઓએ અલગ અલગ સ્થળોએ ૫ હુમલા કર્યા છે જેમાં કુલ ૩ સુરક્ષા કર્મચારીઓના મોત થયા છે. ખૈબર પખ્તુનખ્વા પ્રાંતની પોલીસે રવિવારે આ આતંકવાદી ઘટનાઓ વિશે માહિતી આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, પેશાવર અને કરક જિલ્લામાં વિવિધ સ્થળોએ આતંકવાદી હુમલા થયા હતા. કરક જિલ્લાના તપ્ન નુસરતી અને ખુર્રમ મુહમ્મદ પોલીસ સ્ટેશન અને કુર્રમમાં આશિક ખુમારી ગેસ ફિલ્ડ પર થયેલા હુમલામાં ફ્રન્ટિયર કોર્પ્સના એક જવાન અને એક પોલીસ અધિકારી માર્યા ગયા હતા. આ હુમલામાં એક સુરક્ષા કર્મચારી પણ ઘાયલ થયો હતો.

# ગોંડલના કમઢીયા ગામે પરપ્રાંતીય શખ્સની પથ્થરના ઘા ઝીંકી હત્યા

ગોંડલ,તા.૧૭

કમઢીયાથી દેરડી(કુંભાજી) ગામ તરફ જતા માર્ગે ખેડૂત ખીમાભાઈ જાસોલીયાના ખેતરમાં મૂળ એમપીના અલીરાજપુર જિલ્લાનાં જોબટના અને હાલ ખેતમજૂરી કરતા બંસી બાઉ અજનાર (ઉ.વ.૩૦) ની કોઈ અજાણ્યા શખ્સોએ માથા પર બેરહેમીપૂર્વક પથ્થરોના ઘા મારી હત્યા કરી હતી. હત્યા બાદ તેની લાશને ખેતરમાં ખોદેલા મકાનનાં પાયામાં ફેંકી દિધી




હતી. રોડનાં કાંઠે આવેલા ખેતરમાં કાંકરીના ઢગલા પાસેથી ગોદડુ, લોહીનાં ડાઘ વાળા પત્થરો અને બાઈક મળી આવતા પોલીસે કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે. મૃતક યુવક બંસી બાઉ અજનારે હજુ પાંચ દિવસ પહેલા જમીન વાવેતર માટે રાખેલ હોવાની વિગતો બહાર આવી છે. મૃતક પરણીત હતો. સંતાનમાં બે દીકરા અને બે દીકરીઓ હોવાનું તથા પરિવાર સાથે વાડીમાં રહેતો હતો. મૃતકે યોગેશભાઈ શિયાણીની વાડીમાં પણ ભાગીયું વાવવા રાખ્યુ હોય ક્યારેક યોગેશભાઈની વાડીમાં તો ક્યારેક ખીમાભાઈની વાડીમાં પરિવાર સાથે રાતવાસો કરતો હતો. ગત રાતે ખીમાભાઈની વાડીમાં એકલાએ રાતવાસો કર્યો હતો. હત્યાના બનાવના પગલે કમઢીયાનાં ઉપસરપંચ સહિતે દોડી આવી સુલતાનપુર પોલીસને હત્યા અંગેની જાણ કરી હતી.

# ગુજરાતમાં છેલ્લાં બે વર્ષમાં રૂા.૪૮૪.૮૫ કરોડનું ડ્રગ્સ ઝડપાયુ

અમદાવાદ,તા.૧૭

ડ્રગ્સ વિરૂદ્ધ રાજ્યમાં મોટુ અભિયાન ચાલી રહ્યું છે. ત્યારે ગુજરાતના જળ સિમાંકનમાંથી છેલ્લા ૨ વર્ષમાં ATS દ્વારા રૂપિયા ૪૮૪.૮૫ કરોડનું ડ્રગ્સ ઝડપાયું છે. વિધાનસભામાં પ્રશ્નોત્તરી કાળમાં આ વિગતો સામે આવી છે. દરિયાઈ પટ્ટીમાંથી ATSએ કરેલી કામગીરીના આંકડા સામે આવ્યા છે. છેલ્લા ૨ વર્ષમાં ATSએ કરેલી કામગીરીના આંકડા ગૃહમાં રજૂ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૩માં રૂપિયા ૪૨૨ કરોડની કિંમતનું ૬૦ કિલો ૩૦૪ ગ્રામ ડ્રગ્સ (મેથામ્ફેટામાઈન) ઝડપાયું છે. વર્ષ ૨૦૨૪માં રૂપિયા ૬૨.૮૫ કરોડની કિંમતનું ૧૭૩ કિલો ચરસ તો ૪૬૦ ગ્રામ હેરોઈન ઝડપાયું છે. એટીએસના ઓપરેશનમાં કુલ ૬ વિદેશી નાગરિક ઝડપાયા છે. થોડા દિવસ પહેલા જ અમદાવાદમાં આવેલી ફોરેન પોસ્ટ ઓફિસમાંથી નશાકારક પદાર્થોના પાર્સલો પકડી



પાડવામાં આવ્યા હતા. વિદેશથી આવતા પાર્સલો અમદાવાદની આ પોસ્ટ ઓફિસમાં આવે છે અને ત્યારબાદ ગુજરાતમાં અલગ અલગ જગ્યાઓ પર તેની ડિલિવરી કરવામાં આવતા હોય છે. ગુજરાતના યુવાઓ નશો કરવા માટે વિદેશથી નશાકારક પદાર્થો મગાવતા હોવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે, જેને લઈને પોલીસ પણ સતર્ક થઈ રહી છે. અગાઉ અમદાવાદ સાયબર ક્રાઈમ અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ફોરેન પોસ્ટ ઓફિસમાંથી આ પ્રમાણે વિદેશથી આવેલા નશાકારક પદાર્થોના પાર્સલો પકડી પાડવામાં આવ્યા હતા.

# રાજકોટ નજીક વડાળી ગામે કૌટુંબિક ભાઈએ કરી ભાઈની હત્યા

રાજકોટ,તા.૧૭

રાજકોટના આજી ડેમ વિસ્તારમાં આવેલ વડાળી ગામે એક યુવકની હત્યા કરવામાં આવી છે. રાત્રે ૮:૩૦ આસપાસ ૩૨ વર્ષીય ભરત નાગજીભાઈ મૂછડીયા નામનો યુવક પોતાના ઘર પાસે હતો, ત્યારે કોઈ કારણોસર કૌટુંબિક ભાઈ અજય મૂછડીયા સાથે ઝઘડો થયો હતો. જેમાં ઉશ્કેરાયેલા અજયે છરીનાં બે ઘા ઝીંકી દેતા ભરત લોહીલુહાણ થઈને ત્યાં ફસડાઈ પડ્યો હતો.



આ બનાવને પગલે ભરતનાં પરિવાર સહિત આસપાસનાં લોકો પણ એકઠા થઈ ગયા હતા. તેમજ ભરતને ૧૦૮ દ્વારા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત થતા બનાવ હત્યામાં પલટાયો છે.

# દ્વારકામાંથી ગેરકાયદેસર રહેતી પાંચ બાંગ્લાદેશી મહિલાઓ ઝડપાઈ

દ્વારકા, તા. ૧૭

સમગ્ર દેશમાં બાંગ્લાદેશીઓની ઘૂસણખોરી સામે એલર્ટ મોડમાં આવેલી ગુજરાત પોલીસે ઠેર ઠેર સ્થળોએ બાંગ્લાદેશી ઘૂસણખોરોની તપાસ આદરી છે ત્યારે દ્વારકા એસઓજીએ આજે ચોકકસ બાતમીના આધારે દ્વારકાના રૂપેણ બંદર સામે આવેલ રૂક્ષ્મણી મંદિરની પાછળના રોડ પર અલગ પ્રકારની ભાષા બોલતી પાંચ જેટલી શંકાસ્પદ મહિલાઓને ઝડપી પૂછપરછ કરતા આ તમામ મહિલાઓ બાંગ્લાદેશની હોવાની ઓળખ સાથે તેમના આઈકાર્ડ, મોબાઈલ નંબર પણ બાંગ્લાદેશના હોવાનું તપાસમાં ખુલ્યુ હતું. એસપીના આદેશ મુજબ એસઓજીના એએસઆઈ અશોકભાઈ સવાણી અને



જગદીશભાઈ કરમુરને મળેલી બાતમીના આધારે દ્વારકાના રૂક્ષ્મણી મંદિર પાછળથી રૂબી પોનુખા સોનુખા (ઉ.વ.૩૫), સાદીયા ઉર્ફે શીતલબેન ઈસાક શેખ (ઉ.વ.૨૬), સુમી ઉર્ફે રીયા રોબી કાદર શેખ (ઉ.વ.૩૫), ખલીદા ઉર્ફે નઝમા બેબી મહમ્મદ અલી (ઉ.વ.૩૩) અને રૂબી કાદર શેખ (ઉ.વ.૩૫)ને ઝડપી લઈ તેમની પૂછપરછ કરતા આ મહિલાઓ બાંગ્લાદેશી હોવાનું જણાયું હતું અને ભારતમાં પ્રવેશવા માટે પાસપોર્ટ, વિઝા કે અન્ય કોઈ દસ્તાવેજો રજૂ કર્યા ન હતા.

# ગીર-સોરઠ પંથકમાં યોગ્ય વાતાવરણના અભાવે આંબામાં મોર બળીને ખાખ

જૂનાગઢ, તા.૧૭

ગીર-સોરઠ પંથકમાં શરૂઆતમાં આંબાવાડીઓમાં મોર ફૂટ પ્રક્રિયા સારા પ્રમાણમાં જોવા મળી હતી જોકે બાદમાં ઝાકળવર્ષા તેમજ યોગ્ય વાતાવરણ ન રહેતા મોર બળીને ખાક થઈ ગયા છે જેથી ઉત્પાદન ઘટવાની સંભાવના જોવા મળી રહી છે. આ વર્ષે કેરીના ઉત્પાદનમાં ઘટાડો જોવા મળી શકે છે. ધરતીપુત્ર કિશાન ટ્રસ્ટ સૌરાષ્ટ્ર ઝોનના ઉપપ્રમુખ પરસોતમભાઈ ભીખુભાઈ ઢેબરીયાએ કહ્યું હતું કે ગીર પંથક સહિત સમગ્ર સોરઠમાં



આ વર્ષે આંબામાં મોર પુષ્કળ પ્રમાણમાં આવ્યો હતો તે જોતા એવું લાગતુ હતું કે કેરીનું ઉત્પાદન વિપુલ પ્રમાણમાં થશે પરંતુ બાદમાં યોગ્ય વાતાવરણ ન રહેતાં મોર બળી ગયા છે. જેથી કેસર કેરીનું ઉત્પાદન માંડ માંડ ૨૫ થી ૩૦% જેટલુ થશે અને કેરી ઉત્પાદકોને વ્યાપક નુકસાન સહન કરવું પડી શકે છે.

# સુરતમાંથી રૂા.૫૦૦ની નકલી નોટો સાથે બે શખ્સો ઝડપાયા

સુરત,તા.૧૭

સુરતના પુણા શાકભાજી માર્કેટમાં રૂ. ૫૦૦ની નકલી નોટો વટાવવા જતાં બે આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે. પોલીસે કુલ ૯,૦૦૦ રૂપિયાની ડુપ્લીકેટ નોટો જપ્ત કરી છે. આરોપીઓ રૂ. ૫૦૦ની નકલી નોટો બજારમાં વટાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા, જેની જાણ પોલીસને થતાં SOGની ટીમે તરત જ કાર્યવાહી કરી હતી. પોલીસે રૂ. ૫૦૦ની બનાવટી ચલણી નોટો સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે એક આરોપી હજુ પણ વોન્ટેડ છે. એક આરોપી સુરેશ પશ્ચિમ બંગાળના બાંગ્લાદેશ બોર્ડર નજીકના માલદા વિસ્તારથી જોડાયેલો છે. પોલીસે કુલ રૂ. ૧,૨૫,૩૩૦ના મુદ્દામાલ સાથે આરોપીઓને પકડી પાડીને આગળની કાર્યવાહી હાથ



ધરી છે. SOG દ્વારા પકડાયેલા બે આરોપીઓ વિજય નરશીભાઈ ચૌહાણ (ઉ.વ. ૨૭, કેટરિંગ કામ, રહે ઘર નં. ૩૨, રામદેવ સોસાયટી, પુણાગામ તળાવની સામે, પુણાગામ, સુરત, મૂળ નિવાસ- મંગેળા ગામ, તાલુકો તળાજા, જિલ્લો ભાવનગર) અને સુરેશભાઈ ઉર્ફે ગુરૂજી ઉર્ફે ચકોર માવજીભાઈ લાઠીદડીયા (ઉ.વ. ૫૫, કેટરિંગ કામ રહે ઘર નં. ૨૬, પહેલો માળ, બાપા સિતારામ સોસાયટી, માનસરોવર સ્કૂલની સામે, પુણાગામ, સુરત, મૂળ- કંજડા ગામ, તાલુકો પાલીતાણા, જિલ્લો ભાવનગર)ની ધરપકડ કરી છે.

# રાજકોટમાં બેફામ આવતી કારે ત્રણ વાહનચાલકોને ઉડાડ્યા, વૃધ્ધનું મોત

રાજકોટ,તા.૧૭

રાજકોટમાં ૧૬ માર્ચની રાત્રે ૧૦થી ૧૧ વાગ્યાની વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં ફુલ સ્પીડે આવતી કારે રસ્તે જતા ત્રણ જેટલા વાહનચાલકોને અડફેટે લીધા હતા. હાલ આ ઘટના પહેલાંના CCTV સામે આવ્યા છે, જેમાં આરોપી ઋત્વિજ પટોળિયા પોતાની કિયા કાર



ફુલ સ્પીડમાં હંકારતો નજરે પડે છે. પોલીસે કારચાલક ઋત્વિજ પટોળિયાની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે. આ અકસ્માતમાં એક્ટિવા લઈને પેટ્રોલ પુરાવવા જઈ રહેલા દૂધની ડેરીના માલિક ૬૯ વર્ષીય પ્રફુલભાઈ ઉનડકટને ગંભીર ઈજા થતાં ઘટનાસ્થળે જ તેમનું મોત નિપજ્યું હતું, જ્યારે અન્ય બાઈક પર કાકા આયુષ ડોબરિયા સાથે જતી ૧૨ વર્ષની દીકરીને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં તેને હેમરેજ થયાનું તબીબોએ જણાવ્યું હતું.

# ભુજના આકાશમાં રહસ્યમય રોશની જોવા મળી

ભુજ,તા.૧૭

ગુજરાતના કચ્છમાં ભુજ નજીક રાણકંડી વિસ્તારમાં મોડી રાત્રે એક વિચિત્ર ઘટના બની હતી. સવારે ૩:૧૨ વાગ્યે, આ વિસ્તારમાં આકાશમાંથી અચાનક એક તેજસ્વી લિસોટા જેવો તારો ચમકતો દેખાયો. આ ઘટના અંગે સ્થાનિક લોકોમાં ઘણી ચર્ચા જાગી હતી. કેટલાક લોકો તેને એલિયન કહી રહ્યા હતા.













